આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ પાલિકામાં રૂા. 3 કરોડનું આંધણ છતાં ગંદકીથી નગરજનો પરેશાન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ નગરપાલિકાના ભ્રષ્ટ અને રેઢિયાળ વહીવટમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનનો કોન્ટ્રાક્ટ શહેરીજનો માટે બદલે મોટી આફત બની છે. શહેરના જાગૃત સભ્યોના ભારે વિરોધ છતાં જે કામ અગાઉનો કોન્ટ્રાક્ટર માત્ર રૂ.૧.૭૦ કરોડમાં કોઈ પણ ફરિયાદ વગર કરતો હતો, તે જ કામ વડોદરાની એજન્સીને અંદાજે રૂ.૩ કરોડના ઉંચા ભાવે પધરાવી દેવામાં આવ્યું છે. પાલિકાના વોર્ડ નં. ૨ અને પારસીવાડ જેવા વિસ્તારોમાં કર્મચારીઓએ માનવતા નેવે મૂકી હતી. ઉંમરલાયક વૃદ્ધો ને કર્મચારીઓ ટોછડાઈ ભર્યું ભર્યું વર્તન કરે છે.વોર્ડ નં. ૨ માં મહિલાઓએ સ્થાનિક સભ્યો પહોંચી નહી શકતા પૂર્વ પાલિકા પ્રમુખ રાજુ મરચાંને સ્થળ પર બોલાવ્યા હતા. કેટલાક દિવસોથી કચરાના ઢગલાઓ ઘરમાં રહેતા હોય અને ડોર કલેક્શન અચાનક બંધ થઈ જતા જે અંગે વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાએ પાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, આરોગ્ય ચેરમેન હિતેશ ભંડારી અને ચીફ ઓફિસર વાઘેલા સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગટરમાં પૈસા ખાઈ ગયા, હવે કચરામાં પૈસા ખાવાના? જો કોન્ટ્રાક્ટર પાસે ટ્રેક્ટર, સાધનો કે માણસો જ નથી તો તેને કરોડોનો કોન્ટ્રાક્ટ આપ્યો જ કેમ ? પાલિકામાં બેઠેલા શાસકો ઢોર કરતાં પણ ખરાબ છે, જેમની દાનતમાં ખોટ છે. આક્રોશ મહિલાઓએ નેતાઓને આડે હાથ લેતા કહ્યું કે, ચૂંટાયેલા સભ્યો માત્ર મત માંગવા જ આવે છે, હવે આવો ફરીથી એટલે બતાવીએ. ચૂંટાયા પછી ગલીઓમાંથી નાસી જાય છે અને ફોન કરીએ તો ખોટા વાયદા આપે છે.વલસાડની જનતા આરપારની લડાઈનો મૂડ બનાવ્યો છે. જો સોમવાર સુધીમાં કચરો લેવાની વ્યવસ્થા નિયમિત નહીં થાય, તો તમામ ૧૧ વોર્ડના લોકો ભેગા થઈ પાલિકા સામે મોરચો માંડશે અને એકઠો થયેલો કચરો પાલિકા કચેરીએ જ ઠાલવવામાં આવશે તેવી કડક ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## આજથી વાપી રેલવે ફાટક ૨૨ દિવસ બંધ રહેશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** પશ્ચિમ રેલવે તંત્ર દ્વારા વાપી સ્થિત હંગામી લેવલ ક્રોસિંગ ફાટક નંબર ૮૦ ને આગામી તારીખ ૯ માર્ચ ના રોજ સવારે ૬ કલાકથી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાક સુધી રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. લાંબા સમયથી રેલ્વે ટ્રેકની ગુણવત્તા ખરાબ હોવાથી વાહનચાલકોને પડતી મુશ્કેલી નિવારવા આ સમારકામ અનિવાર્ય બન્યું છે. આ સમયગાળા દરમિયાન વાહનવ્યવહાર ખોરવાય નહીં તે માટે ટ્રાફિક ડાયવર્ઝનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મુસાફરો અને વાહનચાલકો ફાટક ના બદલે બનાવેલા નવા ઓવરબ્રિજ અથવા ત્યાંથી માત્ર ૧૦૦ મીટરના અંતરે GUDC દ્વારા નવનિર્મિત અંડરપાસ નો ઉપયોગ કરી શકશે.

સમારકામની આ કામગીરી લગભગ ૨૨ દિવસ સુધી ચાલનાર હોવાથી વાપીના નાગરિકોને વૈકલ્પિક માર્ગપરથી પસાર થવા જણાવાયું છે જોકે હંગામી ફાટક બંધ કરવાથી વાપીમાં ફરીથી ટ્રાફિકની સમસ્યા ઊભી થવાની દેસત લોકોમાં પ્રસરી રહી છે.

CIRCUS
માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર લાઈવ સર્કસ
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ
રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ
વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો
વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00
Follow us : @suratjanta
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636

## વાપી મનપાનું રૂા. ૬૫૦ કરોડથી વધુનું બજેટ રજુ થવાની તૈયારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી મહાનગરપાલિકા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આશરે ૬૫૦ કરોડનું બજેટ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. સાથે તમામ વિસ્તારમાં સમતોલ વિકાસના કામો થાય તેની કાળજી લેવામાં આવી રહી છે. જે અંગે નગરજનોના અભિપ્રાયો પણ લેવાયા છે.

વાપી મહાનગરપાલિકાના કમિશનર યોગેશ ચૌધરીની ટીમ દ્વારા બજેટ પહેલા નગરજનો પાસે વિકાસના કામો અંગે ની રજૂઆતો મંગાવી હતી જેમાં માત્ર ૪૧ જેટલી રજૂઆતો આવી હતી જેમાં રસ્તા પાણી સ્ટ્રીટ લાઈટ ડ્રેનેજ સાફ-સફાઈ સિવાય કોઈ મોટા પ્રોજેક્ટ અંગે રજૂઆત આવી ન હતી ત્યારબાદ મનપાના કમિશનર અને તેમની ટીમ દ્વારા આ બજેટને અંતિમ સ્વરૂપ આપી રહી છે. અગાઉ નગરપાલિકા સમયમાં રૂપિયા ૧૫૦ કરોડનું બજેટ હતું, તેની સરખામણીમાં આ બજેટનું કદ ખૂબ જ મોટું છે આગામી દિવસોમાં મનપાના વહીવટદાર અને વલસાડ જિલ્લાના કલેક્ટર ભવ્ય વર્મા સમક્ષ વાપી મહાનગરપાલિકાનું બજેટ રજૂ કરાશે, જેમાં વાપી મહાનગરપાલિકા માં આવેલ વાપી ટાઉન અને ત્યારબાદ પાછળથી સમાવેશ કરાયેલા ૧૧ ગામના લોકો માટેની રજૂઆત અને સમસ્યાની જોગવાઈઓની જાહેરાત કરવામાં આવશે.

આ ઉપરાંત વાપીમાં વિકાસ પામી રહેલા કામો જેમાં રેલ્વે ઓવરબ્રિજ મીની સિવિલ હોસ્પિટલ તેમજ કેટલાક મહત્વના -નેજેક્ટ લોક ઉપયોગી બનાવાઈ રહ્યા છે તે પણ અગામી વર્ષમાં બની જશે તેવી આશા પણ વ્યક્ત કરાઈ રહી છે.


સાથે અગામી મેં જૂનમાં મહાનગરપાલિકાની પથમ સામાન્ય ચૂંટણી યોજવાની પણ શક્યતાને ધ્યાને લઈ આ વર્ષ ૨૦૨૬ ૨૭ નું બજેટનું આયોજન કરાઈ રહ્યું છે જેમાં લોકોને કરવેરો મા વધારો કરવામાં આવશે નહીં તેમજ મહાનગરપાલિકામાં સમાવેશ કરાયેલા ૧૧ ગામોને પ્રાથમિક સુવિધા

## ૯૨મા જન્મદિને 'ગફુરચાચા'ને અનેક શુભકામના

સમગ્ર પંથકમાં 'ગફુરચાચા' ના હુલામણા નામે વિખ્યાત ગાંધીવાદી સમાજસેવક અને ઉદ્યોગપતિ અને દમણગંગા ટાઈમ્સ પરિવારના વડીલ પદ્મશ્રી મુ. ગફુરભાઈ બીલખિયાને આજે તેમના ૯૨મા જન્મદિને તેમના નિરામય દિર્ઘાયુની ઈશ્વર-અલ્લાહને પ્રાર્થના સાથે તેઓ હરહંમેશ સમાજના પથપ્રદીપક બની રહે એવી વંદન સાથે અઢળક શુભકામનાઓ

-: લિ. :-

દમણગંગા ટાઈમ્સ પરિવાર



પદ્મશ્રી ગફુરભાઇ બીલખિયા

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangatimes.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

તમારી બેંકમાં 10 વર્ષથી વધુ સમયથી દાવા વગરના પડેલા તમારા પૈસાને પાછા મેળવો
UDGAM · Unclaimed Deposits Gateway To Access inforMation
UDGAM પર શોધો અને બેંકમાંથી તેનો દાવો કેવી રીતે કરવો તે જાણો
• UDGAM પોર્ટલ પર નોંધણી કરો.
• ખાતા ધારકનું નામ, બેંકનું નામ(નામો) અને વિગતો જેમ કે જન્મ તારીખ, PAN કાર્ડ વગેરેનો ઉપયોગ કરીને શોધો.
UDGAM માત્ર એક શોધ સુવિધા છે. દાવો ન કરેલ થાપણોનો દાવો સંબંધિત બેંક(બેંકો) પાસેથી કરવાનો હોય છે.
બેંકોની યાદી UDGAM પોર્ટલ પર ઉપલબ્ધ છે.
આરબીઆઈ કહે છે... જાણકાર બનો, સતર્ક રહો!
વધુ વિગતો માટે, https://rbikehtahai.rbi.org.in/ud પર જાઓ
ફીડબેક માટે, rbikehtahai@rbi.org.in પર લખો
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા · વાયર · વેલ્ડમેસ · ખીલી · હુક · જાળી · નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

VIMAL POWERS
V-GUARD
ઠંડી હોય કે ગરમી ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો V- GUARD ના જ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

# સુબીર પંથકના ગામડાઓમાં પીવાના પાણી માટે પોકાર

## પગાર ન મળતા હંગામી કર્મચારીઓ હડતાળ પર, જનજીવન પ્રભાવિત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૮ :** ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે. સુબીર તાલુકાના કાંગર્યામાળ (બરડા ફળિયું, ભેદ ફળિયું) અને જારસોલ ગામમાં પીવાના પાણીનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ મામલે આજે સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) એટલે કે SUCI (C) ની ડાંગ જિલ્લા સાંગઠનિક કમિટી દ્વારા મામલતદાર સુબીરને લેખિતમાં આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, જારસોલ પાણી પુરવઠા યોજના અંતર્ગત આ ગામોમાં પાણી પહોંચાડવામાં આવતુ હતુ.

પરંતુ આ યોજનામાં કાર્યરત કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી માસિક પગાર ભથ્થુ ચૂકવવામાં આવ્યુ નથી. વ્યાજબી વેતનની માંગ સાથે આ કર્મચારીઓ છેલ્લા ૪ થી ૫ દિવસથી હડતાળ પર ઉતરી ગયા છે. જેના કારણે પાણી પુરવઠો ખોરવાયો છે.

પાણી વગર માત્ર મનુષ્યો જ નહીં પરંતુ અબોલ પશુઓની હાલત પણ દયનીય બની છે. ઉનાળાની શરૂઆતે જ પીવાના પાણીની આટલી મોટી અછત સર્જાતા ગ્રામજનોમાં ભારે હાલાકી પડી રહી છે. જારસોલ અને કાંગર્યામાળના વિવિધ ફળિયાઓમાં પીવાના પાણીની તીવ્ર તંગી વરતાઈ રહી છે.

હાલમાં SUCI (C) ના અગ્રણીઓ રઘુનાથ બાગુલ, રામદાસ પવાર અને શિવદાસ પવાર દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં પાણી પુરવઠાના હંગામી કર્મચારીઓના પગારમાં વધારો કરી તેમના આંદોલનનો સુખદ અંત લાવવામાં આવે, કર્મચારીઓને છેલ્લા બે મહિનાનો બાકી પગાર તાત્કાલિક ચૂકવવામાં આવે, ગામલોકોને પીવાનું પાણી વહેલી તકે મળે તેવી વૈકલ્પિક વ્યવસ્થા અથવા હડતાળ સમેટીને સપ્લાય શરૂ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.સંગઠને સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓ પાણી પુરવઠા કામદારોની હડતાળ અને તેમની વ્યાજબી માંગણીઓને સંપૂર્ણ સમર્થન આપે છે. SUCI (C) દ્વારા મામલતદારને વિનંતી કરવામાં આવી છે કે આ પ્રશ્ન માત્ર વહીવટી નથી પણ માનવીય છે. જો તાત્કાલિક ધોરણે પાણીની વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનવાની શક્યતા જણાવી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર દ્વારા આ બાબતે કેટલી ઝડપથી પગલા લેવામાં આવે છે.

# બીલીમોરા શ્રી મોરાઈ માતા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**બીલીમોરા, તા.૦૮ :** બીલીમોરાના જ્યુબિલી તળાવ પાસે નવનિર્મિત શ્રી મોરાઈ માતા મંદિર ખાતે શનિવારે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો અત્યંત ભક્તિમય માહોલમાં પ્રારંભ થયો હતો. શ્રી અંબા માતા, શ્રી મરકી માતા અને શ્રી મોરાઈ માતાની અસીમ કૃપાથી આયોજિત આ નૂતન મંદિરના મહોત્સવમાં વૈદિક વિધિ દ્વારા પૂજાવિધિ અને વાસ્તુપૂજન કરવામાં આવ્યું હતું.

શનિવારે સવારે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જોડાઈને ધર્મલાભ લીધો હતો. સમગ્ર મંદિર પરિસરમાં વહેલી સવારથી જ જય માતાજીના નાદ સાથે આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

ગણેશજી અને હનુમાનજીના આશીર્વાદ સાથે શરૂ થયેલા આ દ્વિ-દિવસીય મહોત્સવમાં ગ્રહ શાંતિ યજ્ઞનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

શનિવારના પ્રથમ દિવસે ધાર્મિક વિધિઓ સંપન્ન થયા બાદ રવિવારે મહોત્સવના વિશેષ આકર્ષણ રૂપે મહાઆરતી,બપોરે તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદ તેમજ રાત્રે મંદિરના પટાંગણમાં ભવ્ય ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં ખેલૈયાઓ મનભરી માતાજીની આરાધના કરી હતી.

આ પવિત્ર પ્રસંગે બીલીમોરા અને આસપાસના વિસ્તારના ભાવિક ભક્તો માતાજીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

# 'મિશન મંગલમ' : ડાંગની ૪૧ હજારથી વધુ મહિલાઓ આર્થિક રીતે પગભર થઈ



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૮ :** 'મહિલા સશક્તિકરણ' સાથે 'આત્મનિર્ભર ભારત નિર્માણ'ની દિશામાં રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લાએ મક્કમ ગતિએ પ્રયાણ શરૂ કર્યું છે.

ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવાના આશય સાથે ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની 'મિશન મંગલમ' યોજના તળે સને ૨૦૧૧ થી લઈને ૨૦૨૫ સુધીમાં જિલ્લામાં કુલ-૪૧૨૮ જેટલા 'સખી મંડળો' ની રચના કરી, તેમના સશક્તિકરણનું કપરૂ કાર્ય પાર પાડવામાં આવ્યું છે.

જે પૈકી ૬૫૦થી વધુ મંડળની બહેનો દ્વારા નાગલીની વિવિધ પ્રોડક્ટ તૈયાર કરવા સાથે વાંસકામ, શિવણકામ, કાજુ પ્રોસેસિંગ, ચોકલેટ પ્રોડક્ટ, મશરૂમ ઉત્પાદન, હળદરનું યુનિટ, પોલ્ટ્રી ફાર્મ, અને નાહરી રેસ્ટોરન્ટ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. આ સ્થાનિક ઉત્પાદનોને બજાર વ્યવસ્થા પુરી પાડવાના ભાગરૂપે ગ્રામ્ય હાટ તથા પ્રાદેશિક મેળાઓમા તેમનું જોડાણ કરીને, આજીવિકા વૃદ્ધિના સ્તુત્ય પ્રયાસો પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગ્રામીણ મહિલાઓની આર્થિક ઉન્નતિ સાથે તેમનામા સમાનતાનો ભાવ જાગે તે દિશામાં પ્રયાસો હાથ ધરી, નાના મોટા શુભ/અશુભ પ્રસંગોએ ખાનગી રાહે વ્યાજે પૈસા મેળવવાના દૂષણમાંથી પણ આવી મહિલાઓને બચાવી શકાય છે.

ડાંગ જિલ્લામાં ૨૦૧૧ થી ૨૦૨૫ સુધી કુલ ૨૭૪૧ જેટલા જુથોને રૂા.૪૪૮.૫૮ લાખનું રીવોલ્વિંગ ફંડ એનાયત કરાયું છે. આ સાથે જિલ્લામાં ૨૬૪ જેટલા ગ્રામ સંગઠનોની પણ રચના કરવામાં આવી છે. જે પૈકી ૧૬૩ જેટલા ગ્રામ સંગઠનોને રૂ. ૧૩૮૦ લાખનું CIF આપવામાં આવ્યું છે. જ્યારે ૨૬૦૯ જુથોને રૂ. ૨૬૦૯ લાખની કેશ ક્રેડીટ પણ જુદી જુદી બેન્કો મારફત આપવામાં આવી છે. આ ઉપરાંત સને ૨૦૨૨થી ૨૦૨૫ સુધી જિલ્લાના ૭૩૯ જેટલા સ્વસહાય જુથોને રૂ. ૧૮૪૭.૫૦ લાખનું સ્ટાર્ટ અપ ફંડ પણ પુરૂ પાડવામાં આવ્યું છે. તો સાથે ૧૧૮ જેટલા ગ્રામ સંગઠનોને પણ રૂ. ૭૮૫ લાખનું સ્ટાર્ટ અપ ફંડ એનાયત થઈ ચૂક્યું છે. જ્યારે ૮ જેટલા ક્લસ્ટર લેવલ ફેડરેશનને સને ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન કુલ રૂ. ૧૨૨.૫૦ લાખનું સ્ટાર્ટ અપ ફંડ અર્પણ કરીને 'આત્મ નિર્ભર' બનાવવાની દિશામાં અગ્રેસર કરાયા છે. આમ, ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના ૪૧૨૮ જેટલા સ્વસહાય જુથોની ૪૧ હજાર ૨૮૦ મહિલાઓને આર્થિક રીતે પગભર કરીને, તેમને સાચા અર્થમાં સશક્ત બનાવવામાં આવી છે.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**

**વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com


## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી

# બીલીમોરા સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓનું સન્માન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૮ :** બીલીમોરાના કલ્યાણ ચેમ્બર ખાતે સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સુચેતા દુસાનેએ મહિલા દિવસના ઐતિહાસિક મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૧૧માં યુરોપમાં લાખો મહિલાઓએ પોતાના અધિકારો, રોટી અને શાંતિ માટે કરેલી હડતાલને પરિણામે મહિલાઓને મતદાનનો અધિકાર પ્રાપ્ત થયો હતો. જેની યાદમાં ૮મી માર્ચ ઉજવાય છે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. આશાબેન ભટ્ટે પ્રાસંગિક ઉદબોધનમાં સમાજમાં સ્ત્રીઓના બહુમૂલ્ય યોગદાનની સચોટ માહિતી આપી નારી શક્તિને બિરદાવી હતી. આ સમારોહમાં સમાજના વિવિધ સ્તરે વિશિષ્ટ સેવા આપનાર ૨૦થી વધુ મહિલાઓનું મુમેન્ટો અને સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પટાવાળાથી લઈને મેડિકલ ઓફિસર, નોટરી વકીલ, ASI, રમતગમત, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓનો સમાવેશ થાય છે. વિશેષ રૂપે ૯૦ વર્ષથી વધુ વયના ડો. નલિનીબેન ગીલીટવાલા, ઉર્મિલાબેન દેસાઈ સહિત માજી નગરપાલિકા પ્રમુખ સંધ્યાબેન પટેલ અને લઘુમતી સમાજની અગ્રણી મહિલાઓનું પણ સન્માન કરાયું હતું. અંકિતા સોલા, દીપ્તિબેન કંસારા, પૂનમ કેલવાની, અનિતા બડગુજર, તેજલબેન જોશી અને નવસારી જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ સુમિત્રાબેન પટેલ સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને યાદગાર અને સફળ બનાવ્યો હતો.

# આહવામાં આશા ફેસિલિટેટર સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**આહવા, તા. ૦૮ :** ડાંગ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા આહવા હસ્તક સેવા આપતી આશા - આશા ફેસિલેટટર બહેનોને પ્રોત્સાહિત કરવાં તેમજ આશા બહેનોના કૌશલ્ય વર્ધન માટે આરોગ્ય શાખા દ્વારા આજરોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આશા અને આશા ફેસિલિટેટર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાથે જ પંચાયતી રાજ સંસ્થાના પ્રીતિનિધિશ્રીઓનું વર્કશોપ પણ યોજાયો હતો.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે આશા બહેનોની કામગીરી બિરદાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે આશા બહેનોની કામગીરીનાં કારણે જિલ્લામાં માતા મરણ અને બાળ મરણમાં નોંધાપાત્ર ઘટાડો થયો છે. વધુમાં વિજયભાઈ પટેલે આશા બહેનોના પ્રશ્નો સાંભળી પ્રશ્ન નિરાકરણ માટે જણાવ્યું હતું.

શિક્ષણ સમિતિ અધ્યક્ષા બીબીબેન ચૌધરીએ કોરોના કાળ દરમિયાન કરવામાં આવેલ કામગીરીને બિરદાવી હતી. વધુમાં PMJAY કાર્ડ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના ૨.૦, શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ, કસ્તુરબા પોષણ યોજના, ચિરંજીવી યોજના, રાષ્ટ્રીય પરિવાર નિયોજન, દીકરી યોજના, એનિમિયા મુક્ત ભારત, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજના, સ્તન અને ગર્ભાશયનાં મુખનાં કેન્સરનું સ્ક્રીનિંગ અને નિદાન જેવી વિવિધ આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓ વિગતવાર માહિતી આપી આશાની પ્રવૃત્તિઓ અને કામગીરી વિશે વિસ્તાર પૂર્વક સમજણ આપી હતી.

આહવા ખાતે યોજવામાં આવેલ આશા ફેસિલેટટર કાર્યક્રમમાં આશાની ભૂમિકા અને તેના તરફથી અપેક્ષિત પ્રવૃત્તિઓ, આશાના કાર્યો, અસરકારક કામગીરી, તેમજ રેકર્ડ જાળવણી અંગે તાલીમ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં આશા બહેનની સારી કામગીરી બદલ પ્રોત્સાહિત અને સન્માનિત કરવામા આવ્યાં હતાં. સાથે જ આશા બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ તેમજ નાટકો રજૂ કરવામાં આવ્યાં હતાં.

# ગોડવિહિરમાં સેવાસેતુના કાર્યક્રમમાં ૧૬૧૭ અરજીઓનો નિકાલ કરાયો

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૮ :** રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તથા વહીવટમા કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાની બાબત રાજ્ય સરકાર માટે હાર્દ સમાન છે. જેને ધ્યાને લઈ પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણ નજીકના સ્થળે તે જ દિવસે ઉકેલાઈ શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઈ તારીખ ૭ માર્ચના રોજ આહવા તાલુકાના ગાડવિહિર ગામે પ્રાંત અધિકારી કાજલ આંબલીયાના અધ્યક્ષ સ્થાને સરકારના ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સેવા સેતુ ૨.૦ (ગ્રામ્ય)ના કાર્યક્રમનું આયોજન કરાયું છે.ગાડવિહિર પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાડવિહિર, ચિંચલી, ટાંકલીપાડા, હારપાડા, ગડદ, મોરઝીરા, ડોન, નાંદનપેડા અને કડમાળ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામના ગામના લોકોએ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લિધો હતો. જેમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૧૬૧૭ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગાડવિહિર પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ આ સેવાસેતુના કાર્યક્રમમાં આધારકાર્ડ સંબંધિત સેવાઓ, રાશનકાર્ડ સંબંધિત સેવાઓ, આવકના દાખલા, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, મહેસૂલી રેકર્ડમાં વારસાઇ માટેની અરજી, પ્રાધનમંત્રી જન આરોગ્ય યોજના, બેન્કિંગ સંબંધિત સેવાઓ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, સોઇલ હેલ્થ કાર્ડ, માતૃશક્તિ, આઇસીડીએસ બાળકોના આધારકાર્ડ, નમોશ્રી, ખાતેદાર ખેડૂતના નમૂના ૭/૧૨ સાથે આધારકાર્ડનું જોડાણ, સ્વામિત્વ યોજના, કિશાન ક્રેડિટ કાર્ડ વિગેરે મહેસુલી સેવાઓનો ઘર આંગણે લાભ મળ્યો હતો.

આ કાર્યક્રમમાં આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ચૌધરી, આહવા મામલતદાર રજનીશ વૈષ્ણવ સહિતના અધિકારીશ્રીઓ તેમજ સરપંચશ્રીઓ અને મોટી સંખ્યામાં લાભાર્થી ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# કરમખલના ગંગેશ્વર મહાદેવ મંદિરમાં વાર્ષિક પાટોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**બીલીમોરા, તા.૦૮ :** વાપી નજીક આવેલ કરમખલ ગામે સ્થિત હર હર ગંગેશ્વર મહાદેવ મંદિરમાં ૧૩મો વાર્ષિક પાટોત્સવ રવિવારે તા. ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે ભવ્ય રીતે ઉજવાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામજનો તેમજ આસપાસના વિસ્તારોમાંથી ભક્તો ઉપસ્થિત રહી ભગવાન શિવના દર્શન કરી ધર્મલાભ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજનવિધિથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંદિર પરિસરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતુ, જેમાં ભક્તોએ ભાવભેર હાજરી આપી હતી. પાટોત્સવ નિમિત્તે વિશેષ મહાઆરતી પણ યોજાઈ હતી, જેમાં ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સાથે જ સાંજના સમયે ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તિમય ગીતો અને ભજનો દ્વારા સમગ્ર વાતાવરણ ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમનું આયોજન ગામના આગેવાન ગમનભાઈ લલ્લુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ ભક્તો અને ગામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પાટોત્સવને લઈને સમગ્ર ગામમાં આનંદ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૯-૦૨-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ફાગણ, છઠ **સૂર્યોદય :** ૦૬ : ૫૭ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૨, **ચંદ્રોદય** - ૧૨:૦૯ **ચંદ્રાસ્ત** - ૧૦:૫૪ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - વિશાખા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો.

**વૃષભ(બ.વ.ઉ) :** તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજે બ્લડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે.

**તુલા (ર.ત.) :** આજે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે તમે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો.ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે.

**મકર(જ.ખ) :** તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા.

**કુંભ(ગ.શ.સ.) :** આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે એવો દિવસ છે કે જ્યારે તમે ઈછશો ત્યારે આરામ કરી શકશો.

# દમણ રેડિયો

## 102.3 FM

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |

Monday 09, March 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો



## પારડીમાં અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા વાર્ષિક દિવસ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** અખિલ હિદ મહિલા પરિષદ કિલ્લા પારડી શાખામાં વાર્ષિક દિનની ઉજવણી સાથે ૧૦૦ જેટલી મહિલાઓ સાથે વિશ્વ મહિલા દિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ મીનાબેન કોઠારી અને કમિટી મેમ્બર્સ દ્વારા અતિથી વિશેષ તરીકે આમંત્રિત કરેલ મહાનુભાવોનુ સન્માન કરવામાં આવ્યુ હતું. અતિથી પ્રિતીબેન પાંડે દ્વારા યોગની જાણકારી સાથે સ્વસ્થ જીવન જીવવાની દરેક બહેનોને શીખ મળી અને બ્રહ્માકુમારીસ પારડીના પારુલદીદી પાસે સ્વસ્થ સાદગીથી જીવન આચરણની શીખ મળી હતી. ધ્યાન કરી મનને શાંત કરી સારા વિચારોથી જીવન સાર્થક કરી શકાય અને ત્રીજા અતિથી ભાવનાબેન દ્વારા હિંમતભેર સ્ત્રી પણ પૃથ્વી પરના જળચરને પકડી શકે છે એવી શીખ મળતા જાણી ગર્વ થયું હતું. દરેક મહિલાઓનુ તિલક કરી સન્માન કર્યુ હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબા અને ભજનનું આયોજન કર્યુ હતું. મહિલાદિન એક દિવસ નહી પણ રોજ પૂજનીય છે. માં, બહેન, દીકરી તે દરેક રૂપમાં મહાન છે એવા સૂત્ર સાથે વિશાળ સંખ્યામાં પારડીની બહેનો હાજર રહી હતી અને વિશ્વ મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## પારડી ન.પા. દ્વારા હેપી સ્ટ્રીટ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** પારડી નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આજરોજ પારડી ચાર રસ્તા પાસે આવેલ ફળના વેપારીઓ સાથે હેપી સ્ટ્રીટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે કાર્યક્રમ દરમિયાન સંપૂર્ણ વિસ્તારની સાફ-સફાઈ કરવામાં આવી હતી અને સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવ્યો હતો. અહીં પારડી ચાર રસ્તા પાસે આજે વહેલી સવારે પારડી નગરપાલિકાના કોમ્પ્યુટર ક્લાર્ક પિનાકનીબેન પટેલ સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પરમાર સુપરવાઈઝર પંકજભાઈ ગરાણીયા સાથે આરોગ્ય વિભાગના કર્મચારીઓ ભેગા થયા હતાં અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરીના માર્ગદર્શન સુચના મુજબ હેપી સ્ટ્રીટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન પારડી નગરપાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ આમ તો રાબેતા મુજબ સફાઈ કરે છે. પરંતુ આજે હેપ્પી સ્ટ્રીટ કાર્યક્રમ દરમિયાન વધુમાં વધુ ચોખાઈ થાય તે માટે કર્મચારીઓએ સાફ-સફાઈ કરી હતી.

અને જંતુનાશક દવાનો છંટકાવ કર્યો હતો વોર્ડ નંબર એકમાં નાગરિકોએ જાણ કરતાં તાત્કાલિક દુર્ગંધ મારતા મૃત બલાડાને તાત્કાલિક પુચકાવી લેવામાં આવ્યો હતો અને લોકોને દુર્ગંધમાંથી છુટકારો મળ્યો હતો ખૂબ જ સુંદર કામગીરી આજે પારડી પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

### શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ

## સેલવાસમાં મુંબઈ યુનિવર્સિટીનું દૂરસ્થ અને ઓનલાઈન શિક્ષણ કેન્દ્ર શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૮ :** દાદરા અને નગર હવેલીમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં એક ઐતિહાસિક પહેલ કરતા શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, સિલવાસામાં મુંબઈ યુનિવર્સિટીના Centre for Distance and Online Education (CDOE)નો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો. આ કેન્દ્ર પ્રદેશના વિદ્યાર્થીઓ, નોકરીયાત યુવાનો, ગૃહિણીઓ અને કોઈ કારણસર અભ્યાસ અધૂરો છોડી દીધેલા લોકો માટે ઉચ્ચ શિક્ષણના નવા દ્વાર ખોલનારૂ સાબિત થશે. વિશેષ રૂપથી એવા લોકો માટે જેઓ કોઈ કારણસર નિયમિત શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. વિશેષ વાત એ છે કે દૂરસ્થ અને ઓનલાઈન માધ્યમથી કરવામાં આવેલા આ અભ્યાસક્રમોની ડિગ્રી મુંબઈ યુનિવર્સિટીના નિયમિત અભ્યાસક્રમોની બરાબર જ માન્ય રહેશે, જેનાથી વિદ્યાર્થીઓને નોકરી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને આગળના અભ્યાસમાં સમાન તક પ્રાપ્ત થશે.

લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ પ્રતિષ્ઠિત સંસ્થામાં આયોજિત કાર્યક્રમ "Expression of Interest to Expression of Excellence" થીમની સાથે સંપન્ન થયો, જે ડિજિટલ અને દૂરસ્થ શિક્ષણના નવા યુગની શરૂઆતનું પ્રતીક બન્યો. ભારતીય પરંપરા અનુસાર દીપ પ્રજ્વલન સાથે કાર્યક્રમનો શુભારંભ થયો. આ ગરિમામય અવસર પર લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ ચેરમેન ફતેહસિંહજી એમ. ચૌહાણ, સચિવ કુલદીપ સિંહજી મુંદ્રા, સંયુક્ત સચિવ જયેન્દ્ર સિંહ રાઠોડ, કોષાધ્યક્ષ વિશ્વેશ દવે, સંયુક્ત કોષાધ્યક્ષ હીરાભાઈ પટેલ, કાર્યકારણી સભ્ય અભિષેકસિંહજી ચૌહાણ તેમજ ડૉ. અનુકૂલ નિકમ ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત દાદરા અને નગર હવેલીના પૂર્વ શિક્ષણ નિયામક એચ. પી. સોલંકી, ત્રણેય સંસ્થાઓના પ્રાચાર્યા, ઉપ-ચાર્યા, પ્રધાનાચાર્યા, ઉપપ્રધાનાચાર્યા, પ્રાધ્યાપકગણ, શિક્ષકગણ, વાલીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. ત્યારબાદ શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના પ્રાચાર્યા ડૉ. સીમા પિલ્લઈએ સ્વાગત ભાષણ પ્રસ્તુત કરતા સંસ્થાની શૈક્ષણિક યાત્રા તથા સિદ્ધિઓની જાણકારી આપી હતી.

## સરીગામના જીનાલયમાં જૈન ભગવંતોનું ભવ્ય સામૈયું કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** સરીગામના શ્રી કુંથુનાથ જિનાલયના આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પંન્યાસ-વર કલ્પવલ્લભ વિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોનું આગમન થતાં ઢોલનગારા સાથે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. ઘરે ઘરે અક્ષતની ગહુંલી દ્વારા વધામણાં કરવામાં આવ્યા હતાં. સ્વાગતયાત્રા બાદ પ્રવચન રાખવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓને પૂ.પં. કલ્પવલ્લભવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, જીવનમાં પ્રભુની ભક્તિ, સદગુરુનો સત્સંગ અને વૈરાગ્ય પ્રગટવો જોઈએ. આપણને મૌની પરમાત્મા ખૂબ ગમે છે પણ બોલતા ભગવાન સદગુરુ ઓછા ગમે છે. પ્રભુ સુધી પહોંચાડવાનું કાર્ય સદગુરુ કરે છે. જીવનવિકાસના મૂળમાં સદગુરુ છે. ધર્મસભાને સંબોધતા પૂ. આચાર્ય-વર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પદ, પૈસા, પદાર્થ અને પરિવારની પાછળ પાગલ થવાને બદલે પ્રભુની પાછળ પાગલ થવું જોઈએ. માનવભવ ભેગું કરવા માટે નથી મળ્યો, ભેગા થવા માટે મળ્યો છે. તૂટેલાને જોડવા માટે મળ્યો છે. સંગઠનમાં વિકાસ છે, વિઘટનમાં વિનાશ છે. પારસ્પરિક પ્રેમ વૃદ્ધિ પામે તે જરૂરી છે. ધરતી ઉપરનું તમારું અવતરણ થયું ત્યારે તમારી પાસે રૂદન હતું પણ હવે એવું કોઈ કાર્ય કરતા નહીં કે અંતિમ વિદાય વખતે તમારે રડવું પડે. જીવનને ભૌતિકતાના કચરાથી ભરતા નહીં પણ આધ્યાત્મિકતાના રંગોથી ભરી દેજો. કોઈપણ વસ્તુ કે શક્તિનો અહંકાર કરતા નહીં. જેનો પણ અહંકાર કરશો તે જીવનમાંથી ગાયબ થઈ જશે.

## સેલવાસ કોલેજના શિક્ષણવિદનું મુંબઈ યુનિવર્સિટી દ્વારા સન્માન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૮ :** લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રીમતી દેવકિબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ ખાતે ૬ માર્ચ ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ મુંબઈ યુનિવર્સિટીના ડિસ્ટન્સ એન્ડ ઑનલાઈન એજ્યુકેશન સેન્ટરનું ઔપચારિક ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પત્રકાર પરિષદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મુંબઈ યુનિવર્સિટીના કુલપતિના માર્ગદર્શન અનુસાર સિલવાસાના પ્રસિદ્ધ સમાજસેવક, ઉદ્યોગપતિ, શિક્ષણવિદ તથા Lions Club of Silvassa Charitable Trustના અધ્યક્ષ ફતેહસિંહજી એમ. ચૌહાણને શિક્ષણ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા.

દેશને આઠ ભારત રત્ન અને અસંખ્ય પદ્મશ્રી આપનાર આ ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટી દ્વારા સ્વયં સિલવાસા આવીને આપવામાં આવેલું આ સન્માન માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પ્રદેશની શિક્ષણ સેવા, સામાજિક પ્રતિબદ્ધતા અને દુરંદેશી નેતૃત્વનું સન્માન માનવામાં આવી રહ્યું છે.

## પારડી લાયન્સ કલબ પર્લ અને સ્પર્શ વુમન હોસ્પિટલ દ્વારા મહિલા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ અને સ્પર્શ વુમન હોસ્પિટલ પારડી દ્વારા આજરોજ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નિશુલ્ક સ્ત્રી આરોગ્ય ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં મહિલાઓને લાગતી સર્વાઈકલ કેન્સર સહિત વિવિધ બીમારીઓ અંગે તબીબો દ્વારા મફત તપાસ કરી અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. અહીં સ્પર્શ વુમન હોસ્પિટલના ડો. પ્રિયાબેન પરમાર, સંદીપભાઈ પરમાર, લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના પ્રમુખ ડો. કેવિન મોદી, સેક્રેટરી મયુર ઠાકોર ટ્રેઝરર પ્રેમલસિંહ ચૌહાણ સાથે ફર્સ્ટ વાઈઝ ડિસ્ટ્રીક ગવર્નર હેમલ પટેલ રિચિયન ચેરમેન સુધાબેન પરમાર લાયન્સ ક્લબના અગ્રણી શરદભાઈ દેસાઈ, ભરતભાઈ દેસાઈ, જય પ્રકાશભાઈ દેસાઈ, કેઝરભાઈ મુસાની, નયનાબેન દેસાઈ વગેરે ભેગા થયા હતાં અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સર્વાઈકલ કેન્સરની અટકાયત માટે અને માસિક તકલીફોની તપાસ મેનોપોઝ માર્ગદર્શન સ્તન માટેની તપાસ ગર્ભાશય કેન્સર જાગૃતિ અંગેની તપાસ જેવા રોગો માટે આવેલા મહિલા દર્દીઓની મફત તપાસ ડોક્ટર પ્રિયાબેન પરમાર અને ડો. સંદીપભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી. તપાસ કરી ચોક્કસ દવાઓ દર્દીઓને આપવામાં આવી હતી. આમ આજે વિશ્વ મહિલા દિવસની મફત તપાસ કેમ્પ વડે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં પારડી અને આજુબાજુના વિસ્તારોની બહેનોએ ભાગ લીધો હતો અને નિષ્ણાંત ડોક્ટરો વડે તપાસ કરાવી હતી.

## વાપીની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં મહિલા દિવસની ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી સ્થિત સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ (CBSE) ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહિલાઓના સાહસ, સમર્પણ અને સમાજ નિર્માણમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને યાદ કરવામાં આવ્યું. આ વર્ષના મહિલા દિવસની થીમ "Give To Gain" અંગે વિદ્યાર્થીઓ અને સ્ટાફને પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલાઓ શિક્ષણ, પરિવાર અને સમાજના વિકાસમાં કેવી રીતે મહત્વની ભૂમિકા ભજવે છે તે અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

શાળાના સંચાલન દ્વારા તમામ મહિલાઓને મહિલા દિવસની શુભકામનાઓ પાઠવતા તેઓ સતત પ્રગતિ કરે અને સમાજને નવી દિશા આપે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.




## કોસંબાની ચાર યુવતીએ ઘરેથી શરૂ કરેલું હેન્ડીક્રાફ્ટ બેંગલસનું સ્ટાર્ટઅપ મોટા બિઝનેસમાં પરિણમ્યું

### ઓનલાઈન વેચાણ પ્લેટફોર્મ દ્વારા વલસાડની બેંગલ્સ આજે ભારતના ખૂણે ખૂણે તેમજ વિદેશમાં અમેરિકા, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દુબઈ સુધી પહોંચી : વર્ષે રૂ.૨.૨૫ કરોડનું ટર્ન ઓવર

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ તાલુકાના કોસંબા ગામની ચાર યુવતીએ કોરોનાકાળમાં લોકડાઉન વખતે શોખથી હેન્ડીક્રાફટ બેંગ્લસ બનાવવાનું ચાલુ કર્યુ હતું. હાથ બનાવટની આ કલા લોકો સુધી પહોંચે તે માટે રિલ્સ બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરતા વાયરલ થઈ હતી અને હેન્ડી ક્રાફટ બેંગ્લસની ડિમાન્ડ વધતા નાના પાયે શોખથી શરૂ કરેલું નાનું કામ આજે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરે છે, સાથે જ ગામની યુવતીઓ અને મહિલાઓને આત્મનિર્ભર બનાવી ઘર આંગણે રોજગારી આપનારૂ મુખ્ય કેન્દ્ર પણ બન્યું છે. કોસંબાની આ ચાર યુવતીએ સાબિત કર્યું કે, જો ઈચ્છાશક્તિ, મહેનત અને નવીન વિચાર હોય તો નાનકડો શોખ પણ મોટી સફળતામાં બદલાઈ શકે છે. આજે તા.૮ માર્ચ વિશ્વ મહિલા દિવસે તેમની આ સફર અનેક મહિલાઓ માટે પ્રેરણાદાયક મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે. કોરોના મહામારી દરમિયાન મોટા ભાગના લોકો માટે રોજગાર અને જીવનજરૂરી બાબતો મેળવવી મુશ્કેલ બની હતી. ત્યારે વલસાડના કોસંબા ગામમાં રહેતી અને બીસીએની ડિગ્રી ધરાવતી ખુશ્બુ ટંડેલે કોરોના કાળમાં શોખથી શરૂ કરેલુ



કામ આજે કેવી રીતે કરોડો રૂપિયાના બિઝનેસમાં પરિવર્તિત થયું તેની કહાની તેમના દ્વારા જ જાણીએ. નાના ગામને ગ્લોબલ સુધીની ઓળખ આપનાર ખુશ્બુ ટંડેલ જણાવે છે કે, મને નાનપણથી જ હેન્ડીક્રાફટનો ખૂબ જ શોખ હતો, જેથી લોકડાઉનમાં ઘર બેઠા હેન્ડીક્રાફટ બેંગ્લસ, નેકલેસ અને ઈયરીંગ્સ બનાવવાનું ચાલુ કર્યુ હતુ અને હાથ બનાવટની કલાને પ્રોત્સાહિત કરવા રિલ્સ બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરી હતી. જે વાયરલ થતા આશ્ચર્યજનક રીતે હેન્ડીક્રાફટ બેંગ્લસની ખૂબ જ ડિમાન્ડ આવવા લાગી. ત્યારબાદ ૨૦૨૧માં તિથલ રોડ પર લોહાણા સમાજના હોલમાં એક્ઝિબીશન રાખવામાં આવ્યું, જેમાં ખૂબ જ સારો રિસ્પોન્સ મળતા હાથે બનાવેલી અમારી બેંગ્લસની ડિઝાઈન અને ગુણવત્તા લોકોને ખૂબ જ પસંદ પડી હતી. ત્યારબાદ ગામમાં જ શોપિંગ કોમ્પ્લેક્ષ ભાડે લઈ ઘરેથી શરૂ કરેલી આ સફર મોટા બિઝનેસમાં પરિણમી હતી. જાત જાતની અને ભાત ભાતની બેંગલ્સની વેરાઈટીઝ અંગે એમ.ટેક થયેલી અંજલી વાડીવાલા કહે છે કે, રિવર ઓફ ઈન્ડિયા થીમ આધારિત બનાવેલી બેંગલસ મહિલા અને યુવતીઓને ખૂબ જ પસંદ આવી હતી ત્યારબાદ કુદરતી ફલાવર્સ, મિક્સ મેચ અને હાલની Gen- Z પેઢીને ધ્યાનમાં રાખીને તેઓની ચોઈસ મુજબ ડેનિમ બેંગ્લસનું પણ કલેકશન બનાવ્યુ છે. આ સિવાય આપણી ભાતીગળ સંસ્કૃતિની ઓળખ સમી પટોળા, મીરર વર્ક અને બાંધણીને ધ્યાનમાં રાખી તે મુજબની બેંગ્લસ પણ બનાવી છે. લોકો સુધી હેન્ડીક્રાફટની પ્રોડકટ પહોંચાડવા માટે મોટી બ્રાન્ડ ગણાતા ઓનલાઈન





પ્લેટફોર્મ ઉપર વેચાણ કરવાનું ચાલુ કરતા આજે ભારતના ખૂણે ખૂણે તાશા ક્રાફટની બંગડી સપ્લાય થાય છે. આ સિવાય અમેરિકા, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દુબઈથી પણ ઓર્ડર આવે છે. મહિલા સશક્તિકરણનું દ્રષ્ટાંત આપતા એમ.બી.એ. ફાઈનાન્સ થયેલી અંજલી ટંડેલ જણાવે છે કે, આજે દરેકને સરકારી નોકરી મળવી મુશ્કેલ છે, જેથી પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી પોતે પણ આર્થિક રીતે પગભર બની શકે છે અને સાથે અન્યોને પણ રોજગારી આપી શકે છે. ખૂશ્બુ ટંડેલે પોતાની દીકરી તાશાના નામથી શરૂ કરેલી આ સફરમાં ધીમે ધીમે હું અને અંજલિ વાડીવાલા તેમજ અંતિકા ટંડેલ પણ જોડાઈ હતી. વર્ષે રૂા.૨.૨૫ કરોડનું ટર્ન ઓવર કરતો આ સ્ટાર્ટઅપ બિઝનેસ અમે ૮ મહિલા મેમ્બરની કોર ટીમ ચલાવી રહી છે અને સાથે ૧૫૦ યુવતીઓને ઘર આંગણે રોજગારી આપી સ્ત્રી સશક્તિરણનું દ્રષ્ટાંત પુરૂ પાડ્યુ છે. આગામી પાંચ વર્ષમાં તાશા ક્રાફટમાં ૧૨૦૦ મહિલાઓને રોજગારી મળી શકે અને ૧૦૦ કરોડનું ટર્ન ઓવર કરતા થાય એવી કંપની બનાવવાનું વિઝન છે. બી.એસ.સી. થયેલી અંતિકા ટંડેલ કહે છે કે, શૂન્યથી શરૂ થયેલી આ સફરને શિખર સુધી પહોંચાડવા માટે અમારા બિઝનેસને વધુ ઊંચાંઈએ લઈ જવા કોટેજ ફેક્ટરી શરૂ કરવાનું આયોજન છે. અમારી આ સફળતાની ગાથામાં અમારા પરિવારજનોના સહકાર અને મદદના કારણે જ અમે અહી સુધી પહોંચી શક્યા છે. સોની ટીવી પર પ્રસારિત શાર્ક ટેન્કમાં પણ અમે જઈ આવ્યા છે અને અમારી સફળતાની કહાની દુનિયા સમક્ષ રજૂ કરી છે. આમ, નાનકડા ગામથી આંતરરાષ્ટ્રીય બજાર સુધી આ ચાર યુવતીની મહેનત અને સફળતાની કહાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''વોકલ ફોર લોકલ''ના મંત્રને ચરિતાર્થ કરી અનેક લોકોને પ્રેરણા આપે છે.

## નારગોલમાં ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા મહિલા દિનની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૮:** નારગોલ ગામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા વલસાડ જિલ્લા દ્વારા નારગોલ ભંડારી સમાજ હોલ જગદંબાધામ ખાતે ૦૮ માર્ચ, ૨૦૨૬ (રવિવાર)ના દિને સવારે ૧૦:૩૦ વાગ્યેથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મહિલા મોર્ચાના પ્રમુખ પ્રવિણાબેન પટેલના પ્રમુખપણા હેઠળ મહામંત્રી મનિષાબેન પ્રીતમનાણી અને સરપંચ સ્વીટી ભંડારીના આયોજન હેઠળ નારગોલ જગદંબાધામ ખાતે યોજાયો હતો જેને સાર્થક કરવા જિલ્લા અને ઉમરગામ તાલુકા મહિલા મોર્ચાના હોદેદારો અને બહેનોએ સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જેમાં ૮૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. આ નિમિત્તે ધારાસભ્ય રમણલાલ પાટકર, ભારતીય જનતા પાર્ટી તાલુકા સંગઠનના પ્રમુખ ડૉ. નીરજ શાહ, જિલ્લા પંચાયત સભ્ય ભરતભાઈ જાદવ સહિત અનેક રાજકીય આગેવાનો, કાર્યકર્તા બહેનો તેમજ અનેક ગામોથી બહેનોની ઉપસ્થિતિ જોવા મળી હતી. કાર્યક્રમમાં મહિલાઓના સશક્તિકરણ અને સમાજમાં તેમના યોગદાનને સન્માનિત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ ક્ષેત્રે ઉત્કર્ષ કામગીરી સેવા કરનાર બહેનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

## વાપી રેલ્વે સ્ટેશને લાયન્સ કલબ દ્વારા મહિલા કર્મચારીઓનું સન્માન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૮ :** વાપી રેલવે સ્ટેશન ખાતે લાયન્સ ક્લબ દ્વારા મહિલા દિન નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ જેમાં ખાસ કરીને સ્લીપર સેલની મહિલા કર્મચારીઓનું સન્માન કરાયું હતું.

આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે વાપી રેલ્વે સ્ટેશન ખાતે શ્રીમતી આશાબેન અગ્રવાલ (લાયન્સ ક્લબના સભ્ય)નાઓ સાથે વાપી રેલ્વે પોલીસના મહિલા અધિકારી/કર્મચારી, આર.પી.એફ વાપીના અધિકારી/કર્મચારી તેમજ વાપી રેલ્વે સ્ટેશનના મહિલા અધિકારી/કર્મચારી તથા મહિલા સફાઈ કર્મચારી નાઓ સાથે સરકારશ્રીના દેશમાં સમાન વિકાસ, મહિલા સશક્તિકરણ, સશક્ત નારી વિગેરે ઉદેશ્ય સાકાર કરવાના ભાવાર્થે વાપી રેલ્વે સ્ટેશન ખાતે મહિલા દિવસની ઉજવણી કરી.દેશના ઉજ્જવળ ભવિષ્ય શુભ કામનાઓ પાઠવી.

# બધા હારશે, તો જીતેગા કૌન ?




**સૌથી મોટી વાત એ છે કે અખાતના દેશોમાં એક કરોડ જેટલા -વાસી ભારતીયો છે અને સૌને સ્થાનિક શાસકોએ રક્ષણ અને સવલત આપી છે. ભારતની -થમિકતા આપણા લોકો હેમખેમ સ્વદેશ ભેગા થાય તે છે. બીજી બાજુ, ઈરાન સાથેના આપણા સંબંધ ઐતિહાસિક અને વ્યાપારમાં સારા હોવા છતાં ખામૈનીએ આપણી કાશ્મીરનીતિ અને સંવિધાનના સુધારાની ટીકા અને વિરોધ કરી આપણી આંતરિક બાબતોમાં દખલ કરી છે.**

**વિશ્લેષણ**

કુન્દન વ્યાસ

ભારતનાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં આંતરિક કટોકટી - ઈમર્જન્સી જાહેર કરી, ત્યારે દેશભરમાં વિરોધ અને અંધાધૂંધી હતી અને આ સ્થિતિ પાછળ 'વિદેશી હાથ' - અમેરિકાની ગુપ્તચર સંસ્થા સીઆઈએ હોવાનો સ્પષ્ટ આક્ષેપ હતો. ઈન્દિરાજીએ તો જાહેરમાં કહ્યું હતું કે એમની હત્યાનાં કાવતરાં ઘડાઈ રહ્યાં છે. આ દરમિયાન ચીલીમાં પ્રથમ વખત માર્ક્સવાદી સરકાર અને એજેન્દે પ્રમુખ બન્યા હતા. અમેરિકા અને મૂડીવાદ સામે આ ગંભીર પડકાર હતો. અન્ય દેશોમાં પણ મૂડીવાદની હકાલપટ્ટી થવાની શક્યતા હતી. આખરે એજેન્દેની હત્યા પાછળ સીઆઈએનો હાથ હોવાનું જગજાહેર હતું. અમેરિકા સોવિયેત સંઘની એકતા અને પડકાર તોડવા માગતું હતું. ૧૯૭૧માં બાંગલાદેશની લડાઈ વખતે ભારતે સોવિયેત રશિયા સાથે વીસ વર્ષના મૈત્રી કરાર કર્યા. પાકિસ્તાનની વહારે આવવા અમેરિકી નૌકાદળના સાતમા કાફલાનાં યુદ્ધજહાજો નીકળ્યાં હતાં, પણ ભારતની દૃઢતા અને સોવિયેત સાથે સલામતી - મૈત્રીના કરાર થયા હોવાથી લીલાં તોરણે પાછાં ફર્યાં હતાં. ભારત ઉપર નિક્સન અને હેન્રી કિસિંજરનો ગુસ્સો - દાઝ જાણીતી હતી, પણ ઈન્દિરા ગાંધીએ ચીલીની ઘટના પછી કાવતરાંનો પર્દાફાશ કર્યો, તેથી ભારતમાં સીઆઈએને સફળતા મળી નહીં. વડાપ્રધાન મોદી સામે પણ કાવતરાં થયાં છે. વિદેશી સાથે સ્વદેશી હાથ જોડાયા છે, પણ કાવતરાંખોરો હાથ સાથે માથાં ખંજવાળી રહ્યા છે. વિશ્વના દેશોમાં શક્તિશાળી શાસકોને હટાવવા - 'પતાવી' દેવાનો અમેરિકી ઈતિહાસ છે! ઈરાકના સદામ હુસૈન અને લિબિયાના ગદાફીથી લઈને વેનેઝુએલાના પ્રમુખ - વડાપ્રધાનનું અપહરણ કરીને હાથમાં બેડી પહેરાવીને ન્યૂયોર્કના રાજમાર્ગ ઉપર કેદીની જેમ પગપાળા કોર્ટમાં લઈ જવાયા. સદામ હુસૈન સામે ડિસેમ્બર - ૨૦૦૩માં પકડીને 'કાનૂની કાર્યવાહી' શરૂ થઈ, ત્યારે એણે કહ્યું હતું ગેરકાયદે રીતે મને પદભ્રષ્ટ કર્યો છે. 'હું હજુ ઈરાકનો પ્રેસિડન્ટ છું. પણ અમેરિકાની શક્તિ સામે કાનૂન - આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાચાર છે, ગુલામ છે ! અણગમતા દેશ અને નેતાને હટાવાયા છે. રિચાર્ડ નિક્સનથી ડોનાલ્ડ ટ્રમ્પ સુધી આ 'વિદેશનીતિ' રહી છે. એકમાત્ર વિયેતનામમાં હાર થઈ અને પીછેહઠ કરવી પડી, કારણ કે ત્યાં ગેરીલા વોર સામે હાર અને માર ખાવો પડયો, ખમવો પડયો. અમેરિકામાં પણ લોકોએ આ યુદ્ધનો ભારે વિરોધ કર્યો હતો ! હવે વ્યૂહ બદલાયો છે. સ્થાનિક સરકાર સામે લોકોમાં અસંતોષ અને વિરોધનો વંટોળ જાગે, લોકતંત્ર ખતરામાં હોવાની હો - હા જગાવાય ત્યારે જગત જમાદાર લોકતંત્ર બચાવવા માટે આવે. શાસકનું અપહરણ કે હત્યા થાય, નવા અંગૂઠાછાપને બેસાડવામાં આવે. અલબત્ત, પરિવર્તન પછી પણ આંતરિક વિરોધ અને બળવાની સ્થિતિ શાંત થાય નહીં, હિંસાચાર વધે. આવા અનુભવ અને સ્થિતિ જોવા મળી છે. અત્યારે ઈઝરાયલે ઈરાન ઉપર આક્રમણ કર્યું તે સમજી શકાય છે, પણ અમેરિકાએ આક્રમણ શા માટે કર્યું ? ટ્રમ્પે તાજેતરમાં કહ્યું છે કે છેલ્લાં ૪૭ વર્ષથી ઈરાન અમારું દુશ્મન રહ્યું છે. ધાકધમકીઓ આપી છે અને આતંકવાદ વધાર્યો છે. હવે અણુબોમ્બની ધમકી પણ આપે છે ! ખામૈની મને (અમેરિકાને) ખતમ કરવા માગતો હતો, પણ તેને જ 'પતાવી' દીધો છે ! ટ્રમ્પનો આ બચાવ અથવા દાવો ગળે ઊતરે એવો નથી. અમેરિકા માટે કોઈ તાત્કાલિક - રાતોરાત હુમલો થવાનો હોય એવા કોઈ પુરાવા એમણે આપ્યા નથી. સંવાદ કે વિવાદ થયા નથી, પણ ઈરાનમાં રાજાશાહી નાબૂદ થયાના દાયકાઓ પછી મજહબી હકૂમત આવી તેની અસર અખાતના અન્ય દેશોમાં લાગે એવી ભીતિ 'શેખ રાજ પરિવારોને' હતી, તેથી ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી...! ઈરાનમાં હકૂમત બદલવાની માગણી થઈ ! ઈરાન અણુસત્તા બનીને અમેરિકાને ખતમ કરી શકે ? વિનાશક અણુશક્તિનો પ્રસાર રોકવો હોય તો પછી પાકિસ્તાનના મુનીરને કેમ થાબડભાણાં કરાય છે ? ઈસ્લામી બોમ્બનાં નામે પાકિસ્તાન ચરી ખાય છે, તેને રોકવાની જરૂર નથી ? મામકા - પાંડવા, વહાલાં - દવલાંની ટ્રમ્પ નીતિ, ધૃતરાષ્ટ્ર દૃષ્ટિ ક્યાં સુધી ચાલી - ચલાવી શકાય ? ઈરાનમાં આંતરિક વિરોધ, વિદ્રોહ ભડક્યો અને ખામૈનીએ સખત હાથે - અમાનુષી શક્તિથી દબાવી દીધો - નરસંહાર કર્યો. આ પછી ટ્રમ્પે શાસન - શાસકો બદલવાની અને આઝાદીની ખાતરી - વચન આપીને આક્રમણ કર્યું. ૧૯૭૦ - ૭૧માં પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાનમાં બંગાળીઓ ઉપર કેવા અત્યાચાર કર્યા હતા ? લાખ્ખો લોકોને ભારતમાં હિજરત પછી આશ્રય મળ્યો (ભારત આજે ભોગવે છે !) ત્યારે અમેરિકાને દયા આવી નહીં? પાકિસ્તાની સેનાને બચાવવા માટે નૌકાદળનો કાફલો મોકલ્યો હતો ! લોકશાહીની ચિંતા કોને હતી? ખેર, ઈતિહાસની પરવા કોને છે ? ઈરાનના સુપ્રીમ લીડર ખામૈની ખતમ થયા પછી ભારતના વડાપ્રધાન મોદી કેમ મૌન રહ્યા ? એવી ટીકા વિપક્ષી નેતાઓ કરી રહ્યા છે, પણ મૌનની શક્તિની અસર જોવા મળી છે. આખરે ટ્રમ્પે રશિયન તેલની ખરીદી ઉપર મૂકેલી બંધી એક મહિના માટે ઊઠાવી લીધી છે. રશિયા કે ભારતની માગણી નહતી. ટ્રમ્પે આપમેળે જાહેરાત કરી છે... બંધી કરી ત્યારે અને ઊઠાવી લીધી ત્યારે પણ વિપક્ષ દુ:ખી છે. તો શું બંધી ચાલુ રહે અને ભારતમાં ભાવવધારાના ભડકા થાય તો જ વિપક્ષ ખુશ થાય ? વિપક્ષોની દૃષ્ટિ આપણાં રાજકારણ ઉપર છે હત્યાના વિરોધમાં કાશ્મીરે બંધ પાળવાની જાહેરાત કરી. ટ્રમ્પ અને નેતન્યાહૂનાં પોસ્ટર બાળ્યાં. ઓવૈસી અને કોંગ્રેસનાં સોનિયાજી અને જયરામ રમેશે ભારતની તટસ્થ - સેક્યુલર વિદેશનીતિના લીરા ઊડયાની ટીકા કરી. આ પછી યોગ્ય સમયે વિદેશ વિભાગના સચિવે ઈરાની એમ્બેસીની મુલાકાત લઈને દિલસોજી નોંધાવી છે. ઈરાનનાં યુદ્ધજહાજ ઉપર ટોરપેડો છોડીને અમેરિકાએ ડૂબાવી દીધું તો રાહુલ ગાંધી કહે છે આપણાં આંગણે તોફાની સમુદ્ર છે, પણ વડા-ધાન મોદી મૌન છે ! હકીકતમાં મોદીએ રાહુલને પૂછવાની કે જવાબ આપવાની જરૂર નથી. ઈરાની નૌકાદળના સૈનિકો સમુદ્રમાં બચ્યા હોય તો તેની તપાસ કરવા આપણું નૌકાદળ કામે લાગ્યું છે. અમેરિકાએ ભારતીય સમુદ્રની સીમા ઓળંગી નથી. આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં ત્રીજા દેશોના મામલામાં આપણે દખલ કરી શકીએ નહીં, છતાં આ ઘટનામાં ભારતને સંડોવવાનું રાજકારણ છે. કાનૂની સ્થિતિથી અજાણ - અજ્ઞાત નેતાઓ આવા મુદ્દા ઉઠાવી રહ્યા છે અને સાત દાયકા જૂની વિદેશનીતિના હવાલા આપી રહ્યા છે ! પશ્ચિમ એશિયામાં બદલાતા સંબંધ અને સમીકરણનો અભ્યાસ આ વિપક્ષી નેતાઓએ કર્યો છે? અખાતના નાના - મોટા તમામ દેશો સાથે આપણા સંબંધ ગાઢ બની રહ્યા છે. પાકિસ્તાનની વગ તદ્દન ધોવાઈ ગઈ છે, છતાં સાઉદીએ તેની સાથે સંરક્ષણ કરાર કર્યા છે. ઈઝરાયલ અને યુએઈએ હાથ મિલાવ્યા છે. ભારત સહિત સાત દેશનું સંગઠન છે. ગલ્ફ કો - ઓપરેશન કાઉન્સિલ સાથે ભારત વ્યાપારમાં સૌથી મોટું ભાગીદાર છે. સૌથી મોટી વાત એ છે કે અખાતના દેશોમાં એક કરોડ જેટલા પ્રવાસી ભારતીયો છે અને સૌને સ્થાનિક શાસકોએ રક્ષણ અને સવલત આપી છે. ભારતની પ્રાથમિકતા આપણા લોકો હેમખેમ સ્વદેશ ભેગા થાય તે છે. બીજી બાજુ, ઈરાન સાથેના આપણા સંબંધ ઐતિહાસિક અને વ્યાપારમાં સારા હોવા છતાં ખામૈનીએ આપણી કાશ્મીરનીતિ અને સંવિધાનના સુધારાની ટીકા અને વિરોધ કરી આપણી આંતરિક બાબતોમાં દખલ કરી છે. આમ છતાં આપણે ઈઝરાયલ - અમેરિકાને અપીલ કરી કે સંવાદ અને ડિપ્લોમસીથી નિરાકરણ કરો. ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન ઉપર આક્રમણ કર્યું, પણ ચીન અને રશિયા આક્રમણને શાબ્દિક વખોડવાથી આગળ વધ્યા નથી. ચીન તો ઈરાનનું ક્રૂડ તેલ સૌથી વધુ ખરીદે છે, છતાં સંયમ જાળવવાની સલાહ આપી છે. આયાતોલ્લા ખામૈનીની હત્યાની ટીકા કરી છે, પણ અમેરિકાને પડકારવા તૈયાર નથી. રશિયાએ પશ્ચિમી જગત ઉપર દબાણ કરવા માટે ઈરાન સાથે સંબંધ વધાર્યા છે. યુક્રેન સામે વપરાતાં ડ્રોનની ટેક્નોલોજી ઈરાન પાસેથી મેળવી છે, પણ ઈઝરાયલ સામે યુદ્ધમાં સંડોવાય નહીં તેની કાળજી રાખી છે. આ ઉપરાંત તુર્કી, નોર્થ કોરિયા પણ મદદ કરવા આગળ આવ્યાં નથી ! અત્યારે સેક્યુલરવાદી રાજકારણ ભારતમાં ભલે હોય, પણ પશ્ચિમ એશિયામાં સત્તાનું અર્થકારણ છે તે જાણવું અને સ્વીકારવું જોઈએ. ટ્રમ્પને ડોલરની ચિંતા છે. અત્યાર સુધી જે દેશોએ તેલનાં વેચાણમાં ડોલરના બદલે સ્થાનિક ચલણ અથવા સોનાંનું માધ્યમ રાખ્યું છે, તે શાસકોને 'પતાવી' દેવાયા છે. ઘણા વાચકમિત્રો જાણતા હશે કે ભારતમાં ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં રશિયા સાથેનો વ્યાપાર રૂપિયામાં શરૂ થયો હતો અને આ માટે સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશનની સ્થાપના થઈ હતી. સમયાંતરે બધું સમેટી લેવાયું. હવે રશિયન ક્રૂડની ખરીદી બંધ કરાવવા માટે ટ્રમ્પનું દબાણ તથા ટેરિફ આક્રમણ સમજી શકાય છે ? ઈઝરાયલ અને અમેરિકાના એરફોર્સની શક્તિ અજોડ છે. ચીનનાં શસ્ત્રો પણ પાછાં પડે છે અને તેથી લડાઈમાં ઈરાનના પક્ષે જોડાવાની ઉતાવળ ચીનને નથી. રશિયા અને ચીન બંનેએ આક્રમણને વખોડતાં નિવેદન કર્યાં છે, પણ વિશ્વના કોઈ દેશ હજી માથું મારવા તૈયાર થયા નથી. ભારત વડાપ્રધાન મોદીએ આરબ અમીરાત, કુવૈત, જોર્ડન વગેરેનો સંપર્ક સાધીને સંવાદ અને સમજૂતીનો આગ્રહ કર્યો છે, પણ લડાઈમાં ઊતરેલા નેતાઓ વાર્યા નહીં વરે, તો હાર્યા પાછા ફરશે ? એક વાત નક્કી છે કે ઈરાન અમેરિકાને હરાવી શકે નહીં. ઈરાન પણ જાણે છે, છતાં લડે છે. હકીકતમાં ઈરાનનો વ્યૂહ લડાઈ લંબાવવાનો અને રણમેદાન વ્યાપક વિસ્તૃત બનાવવાનો છે. પશ્ચિમ એશિયામાં જેટલા દેશોમાં અમેરિકાનાં લશ્કરી મથકો છે, તેના ઉપર ઈરાને હુમલા જારી રાખ્યા છે. સાઉદી અરબનાં પાટનગર રિયાધમાં અમેરિકી એમ્બેસી ઉપર હુમલો કરીને ભારે નુકસાન કર્યું, છાપરાં પણ ઉડાવી દીધાં તે નાનીસૂની વાત નથી. આખરે અમેરિકાએ એમ્બેસી બંધ કરી અને સમગ્ર પશ્ચિમ એશિયામાં અમેરિકન નાગરિકોને વિસ્તાર છોડીને સલામતી શોધવા જણાવ્યું છે ! આખરે આ લડાઈમાં જીતશે કોણ ? ટ્રમ્પ તો કહેશે અમે કામ 'પતાવી' દીધું કહીને ઘરભેગા થઈ જશે એમ ઈરાન માને છે ! આખરે વિશ્વનાં અર્થતંત્રની હાર અને ખાનાખરાબી નિશ્ચિત છે, તે વાત સ્વીકારવા કોણ તૈયાર થશે ?

# ઉનાળાની આકરી ઋતુમાં સ્વાસ્થ્ય અને જીવનશૈલીનું સંતુલન




**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

ઉનાળાનો આરંભ થતાં જ આકાશમાંથી અગનગોળા વરસવા લાગે છે અને પ્રકૃતિ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. આ ઋતુમાં દરેક જીવમાત્ર પરેશાન હોય છે, પરંતુ પુરુષો માટે ઉનાળો એક વિશેષ પ્રકારનો પડકાર લઈને આવે છે. મોટાભાગના પુરુષોનું કાર્યક્ષેત્ર ઘરની બહાર હોય છે, જેને કારણે તેમને સીધો સૂર્યપ્રકાશ, ધૂળ, પ્રદૂષણ અને અસહ્ય ગરમીનો સામનો કરવો પડે છે. સવારથી સાંજ સુધી ભાગદોડ ભરેલી જિંદગીમાં પુરુષો અવારનવાર પોતાના સ્વાસ્થ્યની અવગણના કરતા હોય છે, જે લાંબા ગાળે ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. ઉનાળાની આ ઋતુમાં પુરુષોએ પોતાની ત્વચા, આહાર અને માનસિક શાંતિ પર ધ્યાન આપવું અનિવાર્ય બની જાય છે. ગરમીની સીધી અસર શરીરના તાપમાન નિયમન તંત્ર પર પડે છે, જેનાથી ડિહાઈડ્રેશન, લૂ લાગવી અને શારીરિક થાક જેવા લક્ષણો જોવા મળે છે. ખાસ કરીને જે પુરુષો બાઈક પર મુસાફરી કરે છે અથવા ફિલ્ડ વર્ક સાથે જોડાયેલા છે, તેમના માટે સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચાને ગંભીર નુકસાન પહોંચાડે છે.

ત્વચાની સંભાળની વાત કરીએ તો, સામાન્ય રીતે પુરુષોમાં એવી માન્યતા હોય છે કે સ્કીન કેર માત્ર મહિલાઓ માટે છે, પરંતુ આ એક મોટી ભૂલ છે. પુરુષોની ત્વચા મહિલાઓની સરખામણીએ વધુ તેલીય અને જાડી હોય છે, જે ગરમીમાં પરસેવા અને ધૂળને કારણે જલ્દી ગંદી થાય છે. ઉનાળામાં ટેનિંગ, ખીલ અને રેશિઝની સમસ્યા સામાન્ય છે. આથી જ, બહાર નીકળતા પહેલા સારા સનસ્કીનનો ઉપયોગ અને દિવસમાં બે વાર ચહેરો સાફ કરવો અત્યંત જરૂરી છે. માત્ર સાબુથી મોઢું ધોઈ લેવાથી ત્વચાના ઊંડા છિદ્રો સાફ થતા નથી, જેના કારણે ત્વચા નિસ્તેજ દેખાવા લાગે છે. કપડાંની પસંદગીમાં પણ પુરુષોએ જાગૃત રહેવાની જરૂર છે. સિન્થેટિક કે ટાઈટ કપડાંને બદલે સુતરાઉ અને આછા રંગના વસ્ત્રો પહેરવાથી શરીરને શ્વાસ લેવાની જગ્યા મળે છે અને પરસેવો જલ્દી સુકાય છે, જે ચામડીના રોગો અને દુર્ગંધથી બચાવે છે.

ખાનપાન એ ઉનાળામાં ટકી રહેવા માટેનો સૌથી મહત્વનો સ્તંભ છે. પુરુષો ઘણીવાર કામની વ્યસ્તતામાં પાણી પીવાનું ભૂલી જાય છે અથવા તો ઠંડા પીણાં અને વધુ પડતી ચા-કોફીનો સહારો લે છે. હકીકતમાં, કેફીન અને ખાંડયુક્ત પીણાં શરીરને અંદરથી વધુ ડિહાઈડ્રેટ કરે છે. ઉનાળામાં કુદરતી ઠંડક આપતા પદાર્થો જેવા કે છાશ, લીંબુ શરબત, નારિયેળ પાણી અને પુષ્કળ પ્રમાણમાં સાદું પાણી અમૃત સમાન છે. બપોરના ભોજનમાં હળવો ખોરાક, કાકડી, ડુંગળી અને દહીંનો સમાવેશ કરવાથી શરીરનું તાપમાન જળવાઈ રહે છે. ખાસ કરીને ડુંગળીનું સેવન લૂ સામે રક્ષણ આપવા માટે જાણીતું છે. તળેલું અને મસાલેદાર ભોજન પાચનતંત્ર પર ભાર વધારે છે, જે ગરમીમાં એસિડિટી અને અસ્વસ્થતા પેદા કરે છે. જો તમે ઓફિસમાં હોવ કે રસ્તા પર, તમારી સાથે પાણીની બોટલ રાખવી એ પ્રાથમિકતા હોવી જોઈએ.

શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્થિતિ પર પણ ઉનાળાની નકારાત્મક અસર જોવા મળે છે. અસહ્ય ગરમી અને પરસેવાને કારણે સ્વભાવમાં ચીડિયાપણું આવવું સ્વાભાવિક છે. ટ્રાફિક અને કામના ટેન્શનમાં જ્યારે ગરમી ભળે છે ત્યારે બ્લડ પ્રેશર વધવાની શક્યતા રહે છે. આ સમયગાળામાં પુરુષોએ પૂરતી ઊંઘ લેવી ખૂબ જ જરૂરી છે.

રાત્રે વહેલા સુઈ જવાથી અને સવારે વહેલા ઉઠીને કસરત કે પ્રાણાયામ કરવાથી શરીરની ગરમી સહન કરવાની ક્ષમતા વધે છે. કસરત કરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે વધુ પડતો શ્રમ ન પડે, કારણ કે ઉનાળામાં હૃદય પર દબાણ વધતું હોય છે. ઠંડા પાણીએ સ્નાન કરવાથી સ્નાયુઓને આરામ મળે છે અને દિવસભરનો થાક ઉતરી જાય છે.

વ્યક્તિગત સ્વચ્છતા એટલે કે પર્સનલ હાઈજીન એ ઉનાળામાં પુરુષો માટે સૌથી મોટો પડકાર છે. જનનાંગોની આસપાસ પરસેવો જમા થવાથી ફંગલ ઈન્ફેક્શન થવાનું જોખમ રહે છે, જે પુરુષોમાં ખૂબ સામાન્ય છે. આ માટે હવાની અવરજવર થઈ શકે તેવા આંતરવસ્ત્રો અને એન્ટી-ફંગલ પાવડરનો ઉપયોગ હિતાવહ છે. સાથે જ, વાળ અને દાઢીની સફાઈ પણ એટલી જ મહત્વની છે. ઉનાળામાં લાંબી દાઢીમાં પરસેવો ભરાઈ રહેવાથી ખંજવાળ અને ત્વચાની એલર્જી થઈ શકે છે, તેથી તેને નિયમિત ટ્રીમ કરવી કે સાફ રાખવી સલાહભર્યું છે. પગની સ્વચ્છતા પણ ભૂલવી જોઈએ નહીં; લાંબો સમય મોજા અને શૂઝ પહેરી રાખવાથી પગમાં દુર્ગંધ અને ઈન્ફેક્શન થઈ શકે છે.

ઉનાળાની બપોરે જો શક્ય હોય તો બહાર નીકળવાનું ટાળવું જોઈએ, પરંતુ વ્યવસાયિક જવાબદારીઓને કારણે તે હંમેશા શક્ય હોતું નથી. આવા સમયે સૂર્યના સીધા તાપથી બચવા માટે ટોપી, ચશ્મા (સનગ્લાસ) અને રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ. આંખોનું રક્ષણ પણ ખૂબ જરૂરી છે, કારણ કે લૂની અસરથી આંખોમાં બળતરા અને લાલાશ આવી શકે છે. દિવસના અંતે, ઘરે પરત ફર્યા પછી તરત જ ઠંડું પાણી પીવાને બદલે થોડી વાર શરીરને સામાન્ય તાપમાન પર આવવા દેવું જોઈએ.

ઉનાળો માત્ર એક ઋતુ નથી, પણ પોતાની જાત પ્રત્યે વધુ સભાન બનવાની તક છે. જો પુરુષો નાની નાની બાબતોનું ધ્યાન રાખે, જેમ કે નિયમિત પાણી પીવું, યોગ્ય આહાર લેવો અને ત્વચાનું રક્ષણ કરવું, તો તેઓ આ આકરી ઋતુમાં પણ પોતાની કાર્યક્ષમતા અને સ્ફૂર્તિ જાળવી શકે છે. અંતે, સ્વસ્થ શરીર જ ગમે તેવા કપરા વાતાવરણ સામે લડવાની શક્તિ આપે છે, માટે પોતાની સંભાળ રાખવી એ જવાબદારી છે, માત્ર પસંદગી નહીં.

# કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં કિશોરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

**કોઈપણ કાયદામાં છટકબારી રહેલી હોય જ છે એટલે માત્ર કાયદા ઉપર ભરોસો રાખવાને બદલે માતા-પિતા તરીકે આપણે એ સમજવાની જરૂર છે કે મોબાઈલ હાર્ડવેર (સાધન) તરીકે સમસ્યા નથી પરંતુ સમસ્યા સોફ્ટવેર (સોશિયલ મીડિયા અને તેના એલ્ગોરિધમ)માં છે. એટલે સોશિયલ મીડિયાનો -તિબંધ એ ટેકનોલોજીનો વિરોધ નથી પરંતુ આવનારી પેઢીના જ્ઞાનાત્મક (ઘૅંદ્ભિઙ્ગરુફૂ) વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય માટેનો સક્રિય અને સુરક્ષાત્મક હસ્તક્ષેપ છે.**




**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**मातृपितृकृताभ्यासो गुणितामेति बालकः ।**

અર્થાત્ માતાપિતા દ્વારા કરાવાયેલો અભ્યાસ બાળકોને સદ્ગુણી અને કુશળ બનાવે છે. પ્રસ્તુત સંસ્કૃત સુભાષિતનો અર્થ માત્ર એટલો જ છે કે બાળકનાં ગુણ અને કુશળતા ઉપર માતા-પિતાની અસર થાય છે. ટૂંકમાં, ફક્ત બાળકને જન્મ આપી દેવાથી માતાપિતા થઈ જવાતું નથી બાળકોના સંસ્કાર અને સદ્ગુણો માટેના -યત્નો કરવાથી જ માતાપિતા થવાય છે.બાળપણમાં માતા-પિતાના દ્વારા થયેલું ઘડતર જ બાળકનાં ભવિષ્યનું ચણતર કરે છે પણ સાં-ત સમયમાં માતા-પિતાના ઘડતરની સાથેસાથે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો પણ બાળકના વર્તનવ્યવહાર અને ચરિત્ર ઉપર પ્રભાવ પડે છે. એટલે જ હવે સોશિયલ મીડિયાનો બાળકો ઉપર પડતો સકારાત્મક કે નકારાત્મક પ્રભાવ ખરેખર સમગ્ર વિશ્વમાં ચિંતાનો વિષય બન્યો છે. એટલે જ તો ઓસ્ટ્રેલિયા જેવા દેશોએ નાનાં બાળકો માટે સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ મૂક્યો છે પણ ભારત હજી આ દિશામાં જાગ્યું નથી.

ભારત રાજ્યોનો સમૂહ છે. આથી જ્યારે કેન્દ્ર સરકાર અમુક બાબતે નિર્ણયો કરવામાં થાપ ખાય કે મોડું વહેલંલ કરે ત્યારે રાજ્યો પોતાની પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર કરતા પહેલાં સારા નિર્ણયોની પહેલ કરે છે. એવો જ એક નિર્ણય હાલમાં કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોએ કર્યો છે. આ રાજ્યોએ ડ્યુટી ઓફ કેર (Duty of Care)ના સિદ્ધાંતને અપનાવીને સગીરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની પહેલ કરી છે. તે અનુસાર કર્ણાટકમાં ૧૬ વર્ષથી નાના અને આંધ્રપ્રદેશમાં ૧૩ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ જાહેર થયો છે. જોકે, કર્ણાટકમાં શિક્ષણ અને સંપર્ક માટે સગીરો મોબાઇલ ફોન રાખી શકે છે પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરી શકશે નહીં. એનું મુખ્ય કારણ એ જ કે સોશિયલ મીડિયા કિશોરાવસ્થા દરમિયાન મગજમાં થતા જૈવિક ફેરફારોને માઠી અસર પહોંચાડે છે. અમેરિકન એડવાઈઝરી અને સર્જન જનરલના ડેટા મુજબ જે બાળકો દરરોજ ત્રણ કલાકથી વધુ સમય સોશિયલ મીડિયા પર વિતાવે છે. તેમનામાં ડિપ્રેશનનું જોખમ બમણું થઈ જાય છે. આથી હવે કર્ણાટક અને આંધ્રપ્રદેશની દિશામાં જ ગોવા, મહારાષ્ટ્ર અને બિહાર પણ વિચાર કરી રહ્યા છે. આ રાજ્યો દ્વારા લેવાયેલા સોશિયલ મીડિયા પ્રતિબંધના નિર્ણયને ખરેખર માથે મુકવો જોઈએ પણ આ નિર્ણયનું અમલીકરણ મુશ્કેલ લાગે છે.

આજે મોબાઈલ આબાલ-વૃદ્ધ સૌના જીવનનો અભિન્ન હિસ્સો થઈ ગયો છે. તો શું આપણે બાળકોને મોબાઈલથી દૂર રાખી શકીશું ? ૧૬ કે ૧૩ વર્ષથી નાના બાળકો સોશિયલ મીડિયા ઉપર એકાઉન્ટ એક્ટિવ ન કરી શકે પણ શું ખોટી જન્મતારીખ દાખલ કરીને સોશિયલ મીડિયા ઉપર એકાઉન્ટ ન ખુલી શકે ? આજના સમયમાં શિક્ષણ, માહિતી અને સંવાદ માટે પણ સોશિયલ મીડિયા મહત્વનું સાધન છે. પ્રધાનમંત્રીથી લઈને મુખ્યમંત્રી સૌ કોઈ બાળકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સંબોધતા હોય છે ત્યારે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધથી શક્ય થશે? જો કદાચ સોશિયલ મીડિયા પર પ્રતિબંધ આવી પણ જાય તો પણ બાળકોને માટે સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મની કે શૈક્ષણિક એપ્સની અવગણના તો ન જ થઈ શકે ને, કારણકે અમે ટેક્નોલોજી શિક્ષણનો હિસ્સો થઈ ગઈ છે. આમ, સોશિયલ મીડિયા પ્રતિબંધનો કાયદો બન્યા પછી પણ કેટલાક 'લુપહોલ' રહેલા જ છે.

કોઈપણ કાયદામાં છટકબારી રહેલી હોય જ છે એટલે માત્ર કાયદા ઉપર ભરોસો રાખવાને બદલે માતા-પિતા તરીકે આપણે એ સમજવાની જરૂર છે કે મોબાઈલ હાર્ડવેર (સાધન) તરીકે સમસ્યા નથી પરંતુ સમસ્યા સોફ્ટવેર (સોશિયલ મીડિયા અને તેના એલ્ગોરિધમ)માં છે.

એટલે સોશિયલ મીડિયાનો પ્રતિબંધ એ ટેકનોલોજીનો વિરોધ નથી પરંતુ આવનારી પેઢીના જ્ઞાનાત્મક (Cognitive) વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય માટેનો સક્રિય અને સુરક્ષાત્મક હસ્તક્ષેપ છે.

આથી આ કાયદાથી મોબાઈલથી સંતોષાતી શૈક્ષણિક જરૂરિયાતોને અવરોધ્યા વિના માત્ર નુકસાનકારક પ્લેટફોર્મ્સને જ લક્ષ્ય બનાવાય જેથી તે પ્લેટફોર્મ્સને બાળકોની પહોંચથી દૂર રાખી શકાય.

તે માટે આ પ્રતિબંધને અસરકારક બનાવવો એ જાહેર આરોગ્યના રક્ષણ માટે વિજ્ઞાન અને મનોવિજ્ઞાનને આધારે નક્કી થયેલો કાયદો છે. તેને અસરકારક બનાવવો વાલીઓની જવાબદારી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913







# ધરમપુરમાં 'વાચિકમ્' સાહિત્યિક કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** વિશ્વ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી અને 'સાહિત્ય પ્રભાત' ધરમપુરના સંયુક્ત ઉપક્રમે 'વાચિકમ' સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર ડૉ. વિજયભાઈ ઈટાલિયા, પ્રમુખ મયંકભાઈ મોદી તેમજ સભ્ય સમીપ રાંચ સહિત અન્ય આગેવાનો હાજર રહ્યા હતાં. ત્યારબાદ કલાકારોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગુજરાતી સાહિત્યની જાણીતી વાર્તાઓનું અભિવ્યક્તિમય વાચન રજૂ થયું હતું. જેમાં 'ડેલી', 'ગોદડી', 'સવા ત્રણની બસ', 'લોહીની સગાઈ' અને 'અંધારી ગલીઓમાં સફેદ ટપકાં' જેવી કૃતિઓનો સમાવેશ થયો હતો. ધ્વનિ ત્રિવેદી, બિનિતા શાહ, રંજનાબેન પટેલ, કેશા દેસાઈ અને હૃદી દેસાઈ દ્વારા રજૂ કરાયેલ સ્ત્રીકેન્દ્રિત વાર્તાઓ અને કવિતાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં.

કાર્યક્રમનું દિગ્દર્શન વૈભવ મુકેશ દેસાઈએ કર્યું હતું. જ્યારે સંગીત સંચાલન યશ ઉપાધ્યાયે સંભાળ્યું હતું. અંતે લાઈબ્રેરી સમિતિના ચેરમેન દીપમાલાબેન ચોનકર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ અનોખા સાહિત્યિક કાર્યક્રમને નગરજનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

# ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં 'સ્ટેનફોર્ડ સિમ્પોઝિયમ ૨૦૨૬' યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (SRHRC) ખાતે ત્રીદિવસીય પાંચમું વાર્ષિક સ્ટેનફોર્ડ સિમ્પોઝિયમ ૨૦૨૬ સફળતાપૂર્વક યોજાયું. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂ. ગુરુદેવ રાકેશજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ રાજ્યસ્તરીય કોન્ફરન્સમાં માતૃત્વ અને નવજાત શિશુ આરોગ્ય સુધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી સ્કૂલ ઑફ મેડિસિન, લ્યુસાઈલ પેકાર્ડ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ તથા ગુજરાત સરકારના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સહયોગથી યોજાયો હતો. ગર્ભથી વિશ્વ સુધી - ઉજ્જવળ ભવિષ્યની રચના થીમ સાથે આયોજિત આ CME કાર્યક્રમમાં કુલ ૧૯૦ પ્રતિનિધિઓને ૨૮ નિષ્ણાંત ફેકલ્ટી સભ્યો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉચ્ચ જોખમી પ્રસૂતિ વ્યવસ્થાપન, નવજાત પુનર્જીવન, શ્વસન સહાય અને નવજાત શિશુ સંભાળ જેવા મહત્વપૂર્ણ વિષયો પર નિષ્ણાંતો દ્વારા વ્યાખ્યાન તથા પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાત મેડિકલ કાઉન્સિલના નિરીક્ષણ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ડૉ. કે. એન. ભટ્ટ નિરીક્ષક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનારા પ્રતિનિધિઓને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ૮ ઘ્ચ્ક્રેડિટ પોઈન્ટ્સ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ સિમ્પોઝિયમ દ્વારા વૈશ્વિક શૈક્ષણિક સહકારને નવી દિશા મળી છે અને રાજ્યમાં માતૃત્વ તથા નવજાત શિશુઓના આરોગ્ય સુધારવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

## ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં

# કપરાડા - નાનાપોંઢામાં લોકપ્રિય ઉમેદવારોને ઉતારવા કવાયત શરુ

ગુજરાત રાજ્યમાં એપ્રિલ-મે મહિનામાં યોજાનારી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં દરેક પાર્ટીઓમાં ઉમેદવારોને લઈ ચહલ પહલ થઈ રહી છે. જેમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં નાનાપોંઢાને નવો તાલુકો બનાવવામાં આવતા તાલુકા જીલ્લા પંચાયતની બેઠકોમાં સંપૂર્ણ ફેરફાર થયો છે. જેને લઈ બેઠકો ક્રમો અને સમાવિષ્ઠ ગામો બદલાતા દાવેદારો અને નેતાઓ દોડધામ વધી ગઈ હોવાનું જાણવા મળે છે. કપરાડા અને નાનાપોંઢા તાલુકાનું સીમાંકન બદલાતા આગળ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી લડીને જીતેલા ઉમેદવારોને પણ કપરા ચઢાણની સ્થિતિ ઊભી થઈ હોવાને લઈ દાવેદારોમાં ભારે ચહલ પહલ મચી ગઈ છે. કપરાડા તાલુકામાં છેલ્લા ત્રણ ટર્મથી તાલુકા પંચાયત સત્તારૂઢ રહ્યું છે. પરંતુ કપરાડા તાલુકામાંથી વિભાજિત થયેલા નાનાપોંઢા તાલુકો બનતા જ બંને તાલુકાની બેઠકોનું સીમાંકન બદલાયું છે. જેમાં કપરાડા તાલુકાના ૯૯ ગામો વચ્ચે તાલુકા પંચાયતની ૨૨ બેઠકો અને જિલ્લા પંચાયતની ૫ બેઠકોની સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે નવ નિયુક્ત નાનાપોંઢા તાલુકામાં ૪૯ ગામો વચ્ચે તાલુકા પંચાયતની ૨૦ બેઠકો અને જિલ્લા પંચાયતની ૪ બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ જોઈએ તો બધી બેઠકોમાં ધરખમ ફેરફારને લઈ ભાજપ



**કપરાડાનો પત્ર**
જગદીશ ભોયા, કપરાડા

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે ઉમેદવારોને લઈ ભારે વિચાર માંગી લેય તેવી સ્થિતિ હાલે સર્જાય રહી હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે. કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં આગામી આવનારી તાલુકા - જિલ્લા પંચાયતની ચૂંટણીમાં દરેક બેઠકો પર ઉમેદવારોની પસંદગી અંગેનો દોર શરૂ થઈ ગયો છે. ત્યારે મળતી વિગત મુજબ દરેક પાર્ટી વગ ધરાવતા ઉમેદવારો કરતા સ્થાનિક લેવલ પર લોક ચાહના ધરાવતા ઉમેદવારોને વધારે પ્રાધાન્ય આપે તેવી વધુ શક્યતા જોવા મળી રહી છે. જેમા નવા નાનાપોંઢા તાલુકાની બેઠકો દરેક પક્ષ માટે નવી હોય જેથી ઉમેદવારો પસંદગી માટે વધારે વિચાર વિમર્શ માંગી લેય તેવી સ્થિતિ ઉભી થઈ રહી છે. ભૂતકાળમાં કપરાડા તાલુકામાં ભાજપ - કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ ખેલાતો હતો. પરંતુ આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પણ દરેક બેઠકો પર પોતાના મજબૂત ઉમેદવારો ઉતારશે જેથી ત્રિકોણીયા જંગ ખેલાશે જેને લઈ ત્રણ ટર્મ સત્તારૂઢ ભાજપની પણ ચિંતા વધી હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસ દ્વારા પણ લોક ચાહક અને મજબૂત ઉમેદવારો ઉતારવા મૂડમાં જોવા મળી રહી છે. બીજી બાજુ આમ આદમી પાર્ટી પણ વધુ કપરાડા અને નાનાપોંઢા તાલુકા માં વધુ સક્રિય થઈ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ત્યારે નવનિયુક નાનાપોંઢા તાલુકા પંચાયત પર કોણ સત્તા માં આવશે અને પ્રથમ તાલુકા પંચાયતના શુભારંભ કરશે તે આગામી સમય જ બતાવશે પરંતુ કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં આવનાર સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીની લઈ ભારે ચહલ પહલ મચી રહી છે.

# મોટીઢોલ ડુંગરી પ્રા. શાળાના વિદ્યાર્થીઓ માટે 'પ્રકૃતિ અભ્યાસ યાત્રા' યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** ધરમપુર તાલુકાની મોટીઢોલ ડુંગરી ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વન વિભાગ દ્વારા પ્રકૃતિના ખોળે એક અનોખો શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો હતો. ફોરેસ્ટર શક્તિસિંહ ચાવડા અને તેમની ટીમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ વધે તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ માટે નાસ્તાની વ્યવસ્થા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ખટાણા ગામ નજીક આવેલા ફોરેસ્ટ વિસ્તારમાં આવેલા ડુંગર પર ટ્રેકિંગ યોજાયું હતું. ટ્રેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓને ડુંગર પર કરવામાં આવેલા વૃક્ષારોપણ વિશે તેમજ વૃક્ષોના મહત્વ અંગે સરળ અને સમજણભરી માહિતી આપવામાં આવી હતી, જેના કારણે બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ બાદ વિદ્યાર્થીઓને રાજપુરી ગામ ખાતે આવેલી વન વિભાગની નર્સરીની મુલાકાત કરાવવામાં આવી હતી. અહીં વિવિધ પ્રકારના છોડ અને વૃક્ષોની સંભાળ, તેમના પર્યાવરણમાં મહત્વ અને ઉપયોગિતા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ માટે સ્નેહપૂર્વક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. વન વિભાગની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ પોતાના ઘર આસપાસ વધુમાં વધુ વૃક્ષો વાવવા પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા મોટીઢોલ ડુંગરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આનંદ સાથે પ્રકૃતિ અને પર્યાવરણ વિશે મહત્વપૂર્ણ જાણકારી મળી હતી. શાળા પરિવાર દ્વારા ફોરેસ્ટર શક્તિસિંહ ચાવડા અને તેમની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખાંડામાં આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ

## વસંત ઋતુમાં જોવા મળતા સામાન્ય રોગોથી રક્ષણ કઈ રીતે મેળવવું તે અંગે માર્ગદર્શન અપાયું : ચૈત્ર માસમાં લીમડાના રસનું સેવન કરી આખુ વર્ષ સ્વસ્થ રહેવા માટે સૌને આહવાન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**ધરમપુર, તા. ૦૮ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામક આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સંચાલિત આયુષ્યમાન આરોગ્ય મંદિર, ખાંડા, ધરમપુરના નવનિર્મિત મકાનના લોકાર્પણનો સમારોહ જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.પૂર્વીબેન પટેલ દ્વારા જિલ્લામાં થતી વિવિધ આયુર્વેદિક શાખા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી સાથે જ આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંડા ખાતે કરવામાં આવેલી અત્યાર સુધીની પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપવામાં આવી હતી.

તથા વિવિધ બીમારીઓની સારવાર આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંડા ખાતે મળે છે અને લોકો તેનો લાભ રહે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય અને પ્રદેશ સંગઠનના ઉપાધ્યક્ષશ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો. દિવ્યા સોલંકી અને આભારવિધિ આરોગ્ય મંદિર ખાંડાના મેડિકલ ઓફિસર ડો. ભાવિન ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. આ સાથે જ પારંપરિક નૃત્ય માંડળનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ ચાર્ટ પ્રદર્શન વાનગી પ્રદર્શન અને વનસ્પતિ પ્રદર્શન પણ રાખવામાં આવ્યા હતા.

# મોટીતંબાડી 'સેવા સેતુ' કાર્યક્રમ યોજશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૮ :** ગુજરાત રાજ્ય દ્વારા વહીવટી પારદર્શિતા વધે તથા પ્રજાની વ્યક્તિગત રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે હેતુસર સેવા સેતુ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત નાનાપોંઢા તાલુકાના મોટી તંબાડી ગામે ગ્રામ પંચાયત ખાતે તારીખ ૧૦/૦૩/૨૦૨૬ના મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સેવા સેતુ ૨.૦ કાર્યક્રમ તાલુકા વહીવટી તંત્ર નાનાપોંઢાના સહયોગથી યોજાશે. જેમાં મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રજાના વિવિધ રજૂઆતોના સ્થળ પર જ ઝડપી ઉકેલ લાવવામાં આવશેનું જાણવા મળે છે. કાર્યક્રમમાં પદાધિકારીઓ, વહીવટી તંત્ર હાજર રહેશેનું જાણવા મલક છે.

# ખારવેલમાં મહિલા દિવસે સાડીઓનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** ધરમપુર તાલુકાના ખારવેલ ગ્રામ પંચાયત ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ રાજેશભાઈ પટેલ અને વલસાડ જિલ્લા પંચાયતના માજી સભ્ય જયશ્રીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે જયશ્રીબેને જણાવ્યું હતું કે આજે વિશ્વભરમાં મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે અને મહિલાઓને વિવિધ ક્ષેત્રોમાં લગભગ ૫૦ ટકા અનામત મળી રહ્યું છે. તમામ મહિલાઓએ જાગૃત થઈ ઉચ્ચ શિક્ષણ લઈ સરકારી નોકરીઓમાં સફળતા મેળવે તેમજ રાજકારણ અને ગૃહઉદ્યોગ સહિત દરેક ક્ષેત્રમાં આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી. સરપંચ રાજેશભાઈ પટેલે પણ મહિલા દિવસ નિમિત્તે તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને તેમને મહિલા દિવસની ભેટરૂપે સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય રેખાબેન પટેલ, ડેપ્યુટી સરપંચ ટીનાબેન પટેલ, મનરેગા કર્મચારી મીનાક્ષીબેન પટેલ, ગ્રામ રોજગાર સેવક દીપાબેન ઠાકોર અને ખારવેલ મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી નિમીષાબેન પટેલ સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પોસ્ટ બજેટ વેબિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા બજેટમાં સમાવિષ્ટ મહત્વપૂર્ણ પહેલો વિશે ખેડૂતોને માહિતગાર કરવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે તા. ૦૬ માર્ચ, ૨૦૨૬ના રોજ વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ યોજાયેલાક્ષ્પોસ્ટ બજેટ વેબિનાર ઓન એગ્રીકલ્ચર એન્ડ રુરલ ટ્રાન્સફોર્મેશન કાર્યક્રમનું લાઈવ વેબકાસ્ટિંગ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આસ્મા, રોહિણા, વરઈ અને સાદડવેરા ગામોના ૧૫૦ થી વધારે ખેડૂતો, યુવાનો તેમજ કૃષિ ક્ષેત્રે રસ ધરાવતા લોકો ઉપસ્થિત રહ્યા હતા. લાઈવ વેબિનાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બજેટમાં કૃષિ અને ગ્રામ વિકાસ માટે જાહેર કરવામાં આવેલી વિવિધ યોજનાઓ, ટેકનોલોજી આધારિત કૃષિ વિકાસ, કૃષિમાં નવીનતા, પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન અને ખેડૂતોની આવક વધારવા માટે સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવતી પહેલો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીના નિષ્ણાંત લલિત કપુર અને મિતેશભાઈ ગજ્જરે ઉપસ્થિત ખેડૂતોને બજેટમાં રજૂ કરાયેલ કૃષિ ક્ષેત્ર સંબંધિત મુખ્ય મુદ્દાઓની સમજણ આપી અને ખેડૂતોને આ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને કૃષિ અને ગ્રામ પરિવર્તન માટે સરકાર દ્વારા કરવામાં આવતી નવી પહેલો અંગે સીધી માહિતી મળતા તેઓએ કાર્યક્રમની પ્રશંસા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીના તમામ સ્ટાફ સભ્યોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# કપરાડા તાલુકામાં સેનિટરી નેપકિન ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** રેસોનિયા લિમિટેડની કમ્યુનિટી એંગેજમેન્ટ પહેલના સહયોગથી બુકફોરચેન્જ ફાઉન્ડેશન (બીએફસી) દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં પ્રોજેક્ટ સંજીવની હેઠળ મહિલાઓ દ્વારા સંચાલિત સેનિટરી નેપકિન ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પહેલનો મુખ્ય હેતુ માસિક સ્વચ્છતા સુધારવા સાથે ગ્રામિણ આદિવાસી મહિલાઓ માટે ટકાઉ જીવનોપાર્જનની તકો સર્જવાનો છે.

કપરાડા તાલુકાના અનેક ગામોમાં માસિક સ્વચ્છતા હજુ પણ એક મહત્વપૂર્ણ પડકાર તરીકે સામે આવે છે.

આ પડકારોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ હેઠળ સ્થાનિક સ્તરે સેનિટરી નેપકિન ઉત્પાદન એકમ સ્થાપિત કરવામાં આવ્યુ છે, જે સેલ્ફ હેલ્પ ગ્રુપ (એસએચજી)ની મહિલાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. આશરે ૧૫ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે તેમની આર્થિક સશક્તિકરણમાં વધારો થશે.

આ એકમ દર મહિને અંદાજે ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ સેનિટરી પેડ્સનું ઉત્પાદન કરશે. શરૂઆતમાં આ પેડ્સ શાળાઓ અને સમુદાય નેટવર્ક્સ મારફતે વિતરણ કરવામાં આવશે.

આ પહેલ દ્વારા બુકફોરચેન્જ ફાઉન્ડેશન, રેસોનિયા લિમિટેડના સહયોગથી, ગ્રામિણ વિસ્તારોમાં મહિલાઓના આરોગ્ય, ગૌરવ અને આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યું છે, સાથે જ માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન માટે સમુદાય આધારિત અને ટકાઉ મોડલ વિકસાવવા દિશામાં કાર્ય કરી રહ્યું છે.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 09, March 2026


## નીતીશકુમાર રાજ્યસભામાં...

બિહારના મુખ્યપ્રધાન નીતીશકુમારે આખરે રાજ્યસભાની ચૂંટણી માટે ફોર્મ ઉપર સહી કરતાં રાજકીય વર્તુળોમાં થતી અટકળો અને અનિશ્ચિતતાનો અંત આવ્યો છે. અલબત્ત, નીતીશકુમાર રાજ્યસભાની બેઠકની ચૂંટણીનું પરિણામ જાહેર થાય તે પછી મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપશે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને જનતા દળના મોરચાને અભૂતપૂર્વ - ૮૦ ટકા બેઠકો મળ્યા પછી નીતીશકુમારની ઈચ્છા અને આગ્રહ મુજબ ભાજપે એમને મુખ્યપ્રધાન પદ આપ્યું હતું. રાજકીય ઈતિહાસમાં દસમી વખત મુખ્યપ્રધાન પદ મેળવનારા એકમાત્ર નીતીશકુમાર છે. વિધાનસભાની ૨૪૩માંથી ૨૦૨ બેઠક મેળવી તેમાં જનતાદળ (યુ)ની ૮૫ અને ભાજપને ૮૯ બેઠક મળી છે. આમ છતાં સિનિયર નેતાના હિસાબે અને વિજયમાં એમનાં યોગદાનની કદરરૂપે ભાજપે મુખ્યપ્રધાન પદનો આગ્રહ રાખ્યો નહોતો - પણ હવે બિહારનું મુખ્યપ્રધાન પદ પ્રથમ વખત ભાજપને મળશે. મુખ્યપ્રધાન પદે માત્ર ચાર મહિના થયા છે, ત્યારે આ પરિવર્તન એમની કામગીરીના આધારે નહીં, પણ કથળી રહેલા સ્વાસ્થ્યનાં કારણે છે. આવનારા સમયમાં મુખ્યપ્રધાનનું સ્વાસ્થ્ય વિપક્ષોનું શસ્ત્ર બને નહીં તેની સાવધાની પરિવર્તન માટે મુખ્ય કારણ હોવાનું જણાય છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પાંચ વર્ષ પછી આવશે, પણ લોકસભાની ચૂંટણી ત્રણ વર્ષમાં આવે ત્યારે બિહારમાં ભાજપની લોકપ્રિયતા અને કામગીરી બતાવી શકાય અને લોકસભાનાં સંખ્યાબળમાં પૂરો હિસ્સો મળે તેવી ગણતરીથી ભાજપની નેતાગીરીએ આ નિર્ણય લીધો છે. નેતા બદલવાની પ્રક્રિયા પણ નીતીશકુમારની મંજૂરીથી થઈ રહી છે, તેથી કોઈ વિવાદ થવાને અવકાશ નથી. નીતીશકુમારના પુત્ર નિશાંત રાજકીય વારસો સંભાળવા તત્પર છે અને એમનું નામ રાજ્યસભાની બેઠક માટે બોલાતું હતું, પણ આખરે પિતાની સલાહ મુજબ નિશાંત રાજ્યમાં જ રાજકારણના પાઠ શીખવા તૈયાર થયા છે. ભાજપની વ્યવસ્થા-વ્યૂહ મુજબ નીતીશકુમારની નિવૃત્તિને બદલે વડીલોના ગૃહ ગણાતા રાજ્યસભાના ગૃહમાં સ્થાન મળે તો પરિવર્તન પછી નવા મુખ્યપ્રધાનનો પ્રશ્ન કે વિવાદ રહે નહીં. આર.જે.ડી. તથા કોંગ્રેસ આ પરિવર્તનની ટીકા કરે તે સ્વાભાવિક છે, કારણ કે, એમના માટે હવે વિપક્ષની બેઠકો અનામત છે! વિપક્ષી નેતાએ નીતીશકુમારનાં ભાવિ સ્થળાંતરને વેનેઝુએલાના વડાપ્રધાનના અપહરણ સાથે સરખાવીને સંતોષ લીધો છે!

# ઈરાન યુદ્ધ વચ્ચે ૫૨૦૦૦ ભારતીયોની વતન વાપસી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા ભયાનક તણાવને પગલે ભારત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી તેમની સર્વોચ્ચ અગ્રતા છે.

વિદેશ મંત્રાલયે મોડી રાત્રે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે, મિડલ ઈસ્ટના તણાવગ્રસ્ત

### વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી તેમની સર્વોચ્ચ અગ્રતા

વિસ્તારોમાં હવાઈ માર્ગો આંશિક રીતે ખૂલ્યા બાદ અત્યાર સુધીમાં ૫૨,૦૦૦ થી વધુ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે સ્વદેશ પરત ફર્યા છે.

યુદ્ધની સ્થિતિને કારણે એરસ્પેસ બંધ થવા અને સુરક્ષાના કારણોસર હવાઈ કામગીરીને મોટી અસર થઈ છે. માત્ર શનિવારે જ દિલ્હી અને મુંબઈ એરપોર્ટ પરથી આશરે ૧૦૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ૩૫ ફ્લાઈટ્સ રદ થઈ છે, જ્યારે ૩૬ ફ્લાઈટ્સનું આગમન રદ કરવામાં આવ્યું છે.

૨૨ ફ્લાઈટ્સ રદ થઈ છે અને ૧૭ ફ્લાઈટ્સનું આગમન રદ કરાયું છે. દિલ્હી એરપોર્ટ ઓપરેટર (DIAL) એ 'X' પર પોસ્ટ કરીને માહિતી આપી છે કે, પશ્ચિમ તરફ જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં વિલંબ થઈ શકે છે અથવા તેમના સમયપત્રકમાં ફેરફાર થઈ શકે છે.

વિદેશ મંત્રાલયે વિસ્તારના તમામ ભારતીય નાગરિકોને કેટલીક અપીલ કરી છે કે, સ્થાનિક સત્તાવાળાઓની માર્ગદર્શિકાનું કડક પાલન કરો. ભારતીય મિશનો (એમ્બેસી) દ્વારા જારી કરવામાં આવેલી સલાહ (Advisory) ને અનુસરો.

કોઈપણ સહાય માટે ભારતીય મિશનો દ્વારા સ્થાપિત ૨૪-કલાક ચાલુ હેલ્પલાઈન નો સંપર્ક કરો. ભારત સરકાર સહાયની જરૂરિયાતવાળા તમામ લોકોને સુવિધા પૂરી પાડવા માટે આખા ક્ષેત્રની સરકારો સાથે મળીને કામ કરી રહી છે.

૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલો સંઘર્ષ હવે વધુ વકરી રહ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ સતત ઈરાની ઠેકાણાઓ પર બોમ્બમારો કરી રહ્યા છે, જ્યારે ઈરાને પણ વળતો હુમલો કરીને ઈઝરાયલી અને અમેરિકી લશ્કરી મથકોને નિશાન બનાવ્યા છે. સુરક્ષાની સ્થિતિ અત્યંત અનિશ્ચિત બનેલી છે.

## આ માત્ર રાષ્ટ્રપતિ જ નહીં, પણ બંધારણનું અપમાન' :મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : નવી દિલ્હી: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે દિલ્હીથી લગભગ ૩૩,૫૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે જનસભાને સંબોધતા તેમણે પશ્ચિમ બંગાળની TMC સરકાર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ આકરા પ્રહારો કર્યા. પીએમ મોદીએ TMC પર રાષ્ટ્રપતિના અપમાનનો આરોપ લગાવ્યો.

વડાપ્રધાન મોદીએ જનસભામાં કહ્યું કે, 'આજે દેશ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવી રહ્યો છે અને ગઈ કાલે પશ્ચિમ બંગાળમાં TMC સરકારે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન કર્યું છે. દ્રૌપદી મુર્મુ સંથાલ સમુદાયના એક મોટા કાર્યક્રમમાં ભાગ લેવા બંગાળ ગયા હતા, પણ રાષ્ટ્રપતિનું સન્માન કરવાને બદલે TMCએ આ પવિત્ર અને મહત્વપૂર્ણ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'દ્રૌપદી મુર્મુ પોતે આદિવાસી સમુદાયમાંથી આવે છે અને હંમેશાં તેમના વિકાસ માટે ચિંતિત રહે છે. TMC સરકારે એ કાર્યક્રમને કુપ્રબંધનના ભરોસે છોડી દીધો. આ માત્ર રાષ્ટ્રપતિનું નહીં, પણ ભારતના બંધારણનું પણ અપમાન છે. આ બંધારણની ભાવનાનું અપમાન છે. આ લોકશાહીની મહાન પરંપરાનું પણ અપમાન છે.'

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે આ વર્તન બંધારણની ભાવનાના વિરુદ્ધ છે.

વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું કે, 'આપણા દેશમાં કહેવાય છે કે કોઈ વ્યક્તિ કેટલો પણ શક્તિશાળી કેમ ન હોય, અંતે અહંકાર જ તેનો વિનાશ કરે છે. આજે દેશની રાજધાનીમાંથી હું આપ સૌને અપીલ કરું છું કે TMCની ગંદી રાજનીતિ અને સત્તાનો અહંકાર, જેમણે એક આદિવાસી રાષ્ટ્રપતિના ગૌરવને અપમાનિત કર્યું છે, તે જલદી તૂટી જશે.' તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની સમજદાર જનતા TMCને એક મહિલા, એક આદિવાસી અને દેશના રાષ્ટ્રપતિના અપમાન માટે ક્યારેય માફ નહીં કરે. દેશ પણ તેમને ક્યારેય માફ નહીં કરે. દેશનો આદિવાસી સમુદાય પણ તેમને ક્યારેય માફ નહીં કરે. દેશની મહિલાઓ પણ તેમને ક્યારેય માફ નહીં કરે.

## ઈરાન યુદ્ધને અઠવાડિયું થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૮ : ઈરાન વૉરને એક અઠવાડિયું થઈ ચૂક્યું છે અને આ યુદ્ધના સમાપ્ત થવાના હાલ કોઈ અણસાર નથી દેખાઈ રહ્યા. આ યુદ્ધ થર્ડ વર્લ્ડ વૉરનું કારણ બનશે કે કેમ તેવી ચર્ચા વચ્ચે તેની ભયાનકતા અને વ્યાપ પણ દિવસેને દિવસે વધી રહ્યાં છે. હવે આ વૉર માત્ર અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન પૂરતું સિમિત ના રહી અન્ય દેશો સુધી પણ ફેલાઈ ગયું છે જેમાં જાનમાલનું વ્યાપક નુક્સાન થઈ રહ્યું છે અને સમગ્ર દુનિયામાં એનર્જી ક્રાઈસિસ ઉભી થવાનો ડર પણ ઉભો થયો છે.

એક તરફ ઈઝરાયેલ ઈરાનના સમગ્ર મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નેસ્તાનાબૂદ કરી દેવા મથી રહ્યું છે તો બીજી તરફ અમેરિકા પણ યુદ્ધ સમાપ્ત થાય તેવા કોઈ પ્રયાસ કરતું નથી દેખાઈ રહ્યું. ટ્રમ્પે શરૂઆતમાં જ કહ્યું હતું કે આ વૉર ચારથી પાંચ વીક ચાલશે, પરંતુ અમેરિકા લાંબી લડાઈ માટે પણ તૈયાર છે.

અમેરિકાએ B-2 બોમ્બર્સથી પણ હુમલો કર્યો છે અને ત્યારબાદ

### અમેરિકાએ ૩,૦૦૦ ટાર્ગેટ હિટ કર્યા, ૧,૩૩૨નાં મોત

ઈરાન તરફથી કરાતા મિસાઈલ અટ્ટેક્સમાં ૯૦ ટકાનો ઘટાડો થયો હોવાના પણ દાવા કરાઈ રહ્યા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી ૨૮ના રોજ શરૂ થયેલા ઓપરેશન એપિક ફ્યુરી હેઠળ ઈરાનમાં ત્રણ હજારથી પણ વધુ ટાર્ગેટ્સને હિટ કરવામાં આવ્યા છે અને અમેરિકન સૈન્યના હુમલા ચાલુ જ છે.

અત્યારસુધીના હુમલામાં ઈરાનની નેવીને સૌથી વધુ નુક્સાન થયું છે અને તેને એક યુદ્ધ જહાજ પણ ગુમાવવું પડ્યું છે, આ ઉપરાંત ૧૩૩૨ સિવિલિયન્સના પણ મોત થયા છે. તો બીજી તરફ, ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન કોઈ જ શરત વિના સરેન્ડર ના કરે ત્યાં સુધી તેની સાથે કોઈ પ્રકારની વાતચીત નહીં થાય તેવી વાત કરતા યુદ્ધ વહેલું પૂરું થવાની રહી-સહી આશા પર પણ પાણી ફરી વળ્યું છે. ઈરાન સિવાય હવે ઈઝરાયેલનું સૈન્ય લેબનોન પર પણ બોંબમારો કરી રહ્યું હોવાથી દેશની રાજધાની બૈરૂતમાંથી મોટાપાયે પલાયન શરૂ થયું છે. આ ઉપરાંત હોર્મુઝની ખાડીમાંથી હજુય જહાજોની અવરજવર શરૂ ના થઈ હોવાથી ક્રુડના ભાવ સતત વધી રહ્યા છે તેમજ મિડલઈસ્ટમાં ફ્લાઈટ્સ પણ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શરૂ થઈ હોવાથી મોટી સંખ્યામાં પેસેન્જર્સ અટવાયેલા છે. ઈરાન અને અમેરિકાના હુમલાનો જવાબ આપતા ઈરાન પણ ડ્રોન અને મિસાઈલ્સથી સતત અટેક કરી જ રહ્યું છે.

## બંગાળમાં રાષ્ટ્રપતિનું અપમાન?

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : પશ્ચિમ બંગાળની મુલાકાતે ગયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના પ્રોટોકોલ ઉલ્લંઘન મામલે કેન્દ્ર સરકાર અને મમતા બેનરજી સરકાર સામસામે આવી ગઈ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સમગ્ર ઘટનાની અત્યંત ગંભીર નોંધ લઈને પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ પાસે વિગતવાર ખુલાસો માંગ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર, કેન્દ્રીય ગૃહ સચિવે રાજ્ય સરકારને લખેલા પત્રમાં પ્રોટોકોલનો અભાવ, સુરક્ષા વ્યવસ્થામાં ક્ષતિ અને કાર્યક્રમના સ્થળમાં કરાયેલા ફેરફાર અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ મામલે જવાબદાર એવા દાર્જિલિંગના ડીએમ, સિલિગુડીના પોલીસ કમિશનર અને એડીએમ સામે કાર્યવાહીની પણ શક્યતા છે.

### પ્રોટોકોલ ભંગ મામલે ગૃહ વિભાગે માંગ્યો રિપોર્ટ

રાષ્ટ્રપતિના પ્રવાસ દરમિયાન સુરક્ષા અને મર્યાદાના અનેક નિયમોના ભંગના આક્ષેપો થયા છે. પ્રોટોકોલ મુજબ રાષ્ટ્રપતિના આગમન સમયે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ કે ડીજીપી હાજર હોવા જોઈએ, પરંતુ અહીં માત્ર સિલિગુડીના મેયર જ હાજર હતા. રાષ્ટ્રપતિ માટે અનામત રખાયેલા શૌચાલયમાં પાણીની વ્યવસ્થા નહોતી અને વહીવટી માર્ગ કચરાથી ભરેલો જોવા મળ્યો હતો. રાષ્ટ્રપતિના સચોટ રૂટની માહિતીનો અભાવ અને વ્યવસ્થામાં અન્ય ખામીઓ સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર ગણવામાં આવી છે.

ઉત્તર બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં આયોજિત નવમા આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનના સ્થળમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરાતા રાષ્ટ્રપતિએ પોતે નારાજગી વ્યક્ત કરી હતી. મૂળ કાર્યક્રમ બિધાનનગર (ફાંસીદેવા)માં યોજાવાનો હતો, પરંતુ રાજ્ય પ્રશાસને તેને બાગડોગરા નજીક ગોશાયપુરમાં ખસેડ્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે નવું સ્થળ એટલું નાનું હતું કે હજારો આદિવાસી ભાઈ-બહેનો તેમાં હાજરી આપી શક્યા નહીં.

## ઈસરો અને ESA એ સંયુક્ત પૃથ્વી નિરીક્ષણ મિશન માટે નવા કરાર પર હસ્તાક્ષર કર્યા

(જી.એન.એસ) તા. ૮

નવી દિલ્હી,

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ જાહેરાત કરી છે કે તેણે પૃથ્વી નિરીક્ષણ મિશન માટે સંયુક્ત કેલિબ્રેશન, માન્યતા પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક અભ્યાસ પર સહયોગ કરવા માટે યુરોપિયન અવકાશ એજન્સી (ઈજીઇ) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. બેંગલુરુ-મુખ્ય મથક ધરાવતી અવકાશ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે "ઈજીઇ–ISRO એરેન્જમેન્ટ કનર્નિંગ જોઈન્ટ કેલિબ્રેશન એન્ડ વેલિડેશન એક્ટિવિટીઝ એન્ડ સાયન્ટિફિક સ્ટડીઝ ફોર અર્થ ઓબ્ઝર્વેશન મિશન" શીર્ષક હેઠળના કરાર પર ૪ માર્ચે ISROના વૈજ્ઞાનિક સચિવ એમ. ગણેશ પિલ્લઈ અને ઈજીઇ ડિરેક્ટર ફોર અર્થ ઓબ્ઝર્વેશન સિમોનેટા ચેલી દ્વારા વર્ચ્યુઅલી હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ISROના જણાવ્યા અનુસાર, નવી વ્યવસ્થા બંને એજન્સીઓ વચ્ચે લાંબા સમયથી ચાલતી ભાગીદારીને મજબૂત બનાવે છે જે ૧૯૭૮ માં શરૂ થઈ હતી અને બાદમાં ૨૦૦૨ માં નવીકરણ કરવામાં આવી હતી. ચેલીએ આગામી પૃથ્વી નિરીક્ષણ મિશન, ખાસ કરીને ઈજીઇ ના હ્લન્ઈઠ (ફ્લોરોસેન્સ એક્સપ્લોરર) મિશનના સંદર્ભમાં સહયોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો, જેનો હેતુ વનસ્પતિ જીવવિજ્ઞાનની સમજ સુધારવાનો છે.

પિલ્લઈએ નોંધ્યું કે બંને એજન્સીઓ વચ્ચે સહયોગ પૃથ્વી નિરીક્ષણ, નેવિગેશન, ગ્રાઉન્ડ સ્ટેશન સપોર્ટ અને માનવ અવકાશ ઉડાન સહયોગ સહિત અનેક ક્ષેત્રોમાં ફેલાયેલો છે.

તેમણે ચંદ્રયાન કાર્યક્રમ અને આદિત્ય-ન્૧ મિશન જેવા ભારતના અવકાશ મિશન માટે ઈજીઇ ના સમર્થનનો પણ ઉલ્લેખ કર્યો, તેમજ ISRO ની ડીપ-સ્પેસ એન્ટેના સુવિધાઓ દ્વારા સહયોગનો પણ ઉલ્લેખ કર્યો. ISRO એ ઉમેર્યું કે નવા કરારથી ભવિષ્યમાં સંયુક્ત વૈજ્ઞાનિક અભ્યાસ અને આગામી પૃથ્વી નિરીક્ષણ મિશન માટે કેલિબ્રેશન ઝુંબેશને સમર્થન મળવાની અપેક્ષા છે.

ISRO એ યુરોપના પ્રોબા-૩ ઉપગ્રહ મિશનને સફળતાપૂર્વક લોન્ચ કર્યું

ભારતની અવકાશ એજન્સી, ISRO એ પ્રોબા-૩ મિશન નામનું યુરોપિયન ઉપગ્રહ મિશન પણ સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. આ મિશન ભારત અને યુરોપ વચ્ચેના સહયોગનું પ્રતિનિધિત્વ કરે છે, જે વૈશ્વિક અવકાશ સંશોધનમાં ભારતની વધતી જતી ભૂમિકાને પ્રકાશિત કરે છે. અવકાશ એજન્સીએ લોન્ચ થયાના લગભગ ૨૦ મિનિટ પછી ઉપગ્રહોને નિયુક્ત ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂક્યા.

પ્રોબા-૩ મિશન શું છે?

પ્રોબા-૩ મિશનમાં બે ઉપગ્રહો - કોરોનાગ્રાફ અને ઓકલ્ટર - અનુક્રમે ૩૧૦ કિલો અને ૨૪૦ કિલો વજનના છે. આ ઉપગ્રહો સૂર્યના બાહ્ય વાતાવરણનો અભ્યાસ કરવા માટે નજીકથી કાર્ય કરશે, જેને કોરોના તરીકે ઓળખવામાં આવે છે. કોરોના સૂર્યની સપાટી કરતાં નોંધપાત્ર રીતે ગરમ છે અને અવકાશ હવામાનને સમજવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ઈરાને અમેરિકાની નેવી ફ્લીટ પર ફેંક્યા બોમ્બ, ૨૧ સૈનિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૮ : ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ શાંત થતું દેખાઈ રહ્યું નથી, હવે તે વધુ ઉગ્ર બની ગયું છે. ઈરાનના સશસ્ત્ર દળોએ દાવો કર્યો છે કે તેમણે બહેરીનમાં આવેલી અમેરિકાની ફિફ્થ નેવી ફ્લીટને નિશાન બનાવી છે.

ઈરાનના દાવા મુજબ આ હુમલામાં ૨૧ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારમાં તણાવ વધી રહ્યો હતો અને અમેરિકન નેવી તથા ઈરાની સૈન્ય વચ્ચે અથડામણ થઈ હતી. હુમલાના સમયે અનેક સૈન્ય મથકો અને કેમ્પસને નિશાન બનાવાયા હતા, જેના કારણે ઈરાનના સૈનિકોને ભારે નુકસાન થયું.

ઈરાને બહેરીનની રાજધાની મનામાના જુફૈર વિસ્તારમાં આવેલી યુનાઈટેડ સ્ટેટ્સ નેવી ફિફ્થ ફ્લીટના મુખ્ય મથક પર તાજેતરમાં હુમલો કર્યો છે. ઈરાની મીડિયા દ્વારા એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં હુમલા પછી ત્યાં આગ લાગેલી દેખાય છે. અમેરિકાની આ ફિફ્થ ફ્લીટ નેવલ સપોર્ટ એક્ટિવિટી બહેરીનમાં આવેલી છે અને મધ્ય પૂર્વમાં અમેરિકાની સૌથી મહત્વપૂર્ણ સૈન્ય હાજરી માનવામાં આવે છે.

## ઓસ્ટ્રેલિયા-કેનેડાએ ભારત તરફ મદદનો હાથ લંબાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ઈરાને દુનિયાના ક્રૂડ ઓઈલના પૂરવઠાની સૌથી મોટી સપ્લાય ચેઈન હોર્મુઝની ખાડીમાં ગેસ અને ઓઈલ ટેક્રરોના પરીવહન પર પ્રતિબંધ મૂકી દેતાં દુનિયામાં ઓઈલ કટોકટી સર્જાઈ છે. આવા સમયે ભારતમાં ક્રૂડ ઓઈલ કરતાં ગેસ પુરવઠાની અછત સર્જાઈ શકે છે.

જોકે, હવે ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ભારતને વધારાનો ગેસ પૂરો પાડવા તૈયારી બતાવી છે. એટલું જ નહીં ભારતે તેના ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદીના સ્રોત વધાર્યા છે. બીજીબાજુ ભારતે ૧૧

### ભારતમાં ક્રૂડ ઓઈલ કરતાં ગેસ પુરવઠાની અછત સર્જાઈ

મહિનામાં જ બીજી વખત રાંધણ ગેસના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે.

મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન સામે સંયુક્ત યુદ્ધના પગલે દુનિયભારમાં ઊર્જા કટોકટીની આશંકા પ્રવર્તી રહી છે. આવા સમયે ભારતે પણ તેના વૈકલ્પિક ઊર્જા સ્રોતો મારફત તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાનું વલણ અપનાવ્યું છે. આ સંજોગોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અન્ય કેટલાક દેશોએ ભારતને વધારાનો ગેસ પુરવઠો ઓફર કર્યો છે તેમ સરકારી સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું. મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી હોવાની બાબતને ટાંકીને સરકારી સૂત્રોએ કહ્યું કે, ભારત માટે તેની ક્રૂડ આયાતો માટે આ જ એકમાત્ર માર્ગ નથી. તેમણે ખાતરી આપી કે એક જ જળમાર્ગે પર ભારતની નિર્ભરતાનો સમય પૂરો થઈ ગયો છે.

## ઈરાની રાષ્ટ્રપતિએ ટ્રમ્પને આપી 'અંતિમ ચેતવણી'

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૮ : ઈઝરાયેલ અને અમેરિકા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયને ટ્રમ્પને અત્યંત કડક મેસેજ આપ્યો છે. પેઝેશ્કિયને ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઈંચ પણ કોઈને લેવા દેશે નહીં." રવિવારે એક ઈન્ટરવ્યુમાં રાષ્ટ્રપતિ પેઝેશ્કિયનએ જણાવ્યું હતું કે, ઈરાન પોતાની પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે કોઈપણ ભોગે તૈયાર છે. તેમણે કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઈંચ પણ છોડશે નહીં. ગમે તેટલા પડકારો આવે, અમે અમારી સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાની રક્ષા કરીશું."

તેમનું આ નિવેદન અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ચલાવવામાં આવી રહેલા યુદ્ધ વચ્ચે આવ્યું છે, જેમાં ઈરાન પર મોટાપાયે હવાઈ હુમલા થઈ રહ્યા છે અને તેહરાનની સૈન્ય ક્ષમતાઓને નિશાન બનાવવામાં આવી રહી છે.

પેઝેશ્કિયને જણાવ્યું હતું કે, ઈરાન આક્રમક નથી પરંતુ રક્ષણાત્મક સ્થિતિમાં છે. તેમણે પડોશી દેશોને ખાતરી આપી હતી કે, ઈરાન પ્રાદેશિક શાંતિ ઈચ્છે છે પરંતુ જો કોઈ દેશ અમેરિકન કે ઈઝરાયેલના હુમલાઓ માટે પોતાની ધરતીનો ઉપયોગ કરવા દેશે, તો ઈરાન વળતો પ્રહાર કરવામાં જરાય અચકાશે નહીં. આ નિવેદન તાજેતરની ઘટનાઓના સંદર્ભમાં ઘણું મહત્વનું છે, જ્યાં ઈરાને અખાતી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા પરંતુ પેઝેશ્કિયને અગાઉ માફી માંગી હતી તેમજ હુમલા રોકવાનું વચન આપ્યું હતું. પેઝેશ્કિયને કહ્યું હતું કે, જ્યાં સુધી તે દેશો તરફથી હુમલો નહીં થાય, ત્યાં સુધી ઈરાન પડોશી દેશો પર હુમલો કરશે નહીં.

મળતી માહિતી મુજબ, રાષ્ટ્રપતિએ ઈરાની જનતાની એકતાની પ્રશંસા કરી અને કહ્યું કે, દુશ્મનો ઈરાનના આત્મસમર્પણના સપનાને પોતાની સાથે કબરમાં લઈ જશે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવાધિકારોનો ભંગ કરતા આક્રમણખોરોની ટીકા કરી હતી.

## ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધના હીરો કે.જી. જ્યોર્જનું ૯૫ વર્ષની વયે નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોટ્ટાયમ, તા.૮ : કેરળના કોટ્ટાયમમાં રહેતા અને ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધના બહાદુર સૈનિક લાન્સ હવાલદાર (નિવૃત્ત) કે.જી. જ્યોર્જનું ૯૫ વર્ષની વયે નિધન થયું છે. શનિવારે સવારે ઉંમર સંબંધિત બીમારીઓના કારણે તેમણે પોતાના નિવાસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. ફેબ્રુઆરી ૧૯૩૧માં જન્મેલા જ્યોર્જે યુદ્ધ દરમિયાન ભારતીય સેનામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ભારતીય સેનાની કોર્પ્સ ઓફ સિગ્નલ્સ યુનિટમાં તૈનાત કે.જી. જ્યોર્જે ૧૯૬૫ના યુદ્ધમાં અદમ્ય સાહસનો પરિચય આપ્યો હતો. ૬થી ૧૦ સપ્ટેમ્બર ૧૯૬૫ દરમિયાન વાઘા સેક્ટરમાં દુશ્મન દેશ દ્વારા સતત ગોળીબાર અને હવાઈ હુમલાઓ કરવામાં આવી રહ્યા હતા. આ ભયાનક સ્થિતિ વચ્ચે પણ તેમણે પોતાની ટીમનું નેતૃત્વ કર્યું અને ક્ષતિગ્રસ્ત થયેલી કોમ્યુનિકેશન લાઈનોને વારંવાર રીપેર કરી હતી. ૮ અને ૯ સપ્ટેમ્બરની રાત્રે ભારે હુમલા વચ્ચે તેમણે પોતાના જીવના જોખમે બ્રિગેડ હેડક્વાર્ટર અને સરહદ પર તૈનાત બટાલિયન વચ્ચે સંપર્ક સ્થાપિત કર્યો હતો. આ બહાદુરી માટે તેમને પ્રતિષ્ઠિત વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ભારત અમારો હરીફ નહીં ભાગીદાર : ચીન

(સંપૂર્ણ સમાચાર સેવા) બેઈજીંગ, તા.૮ : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને વૈશ્વિક રાજનીતિમાં આવી રહેલા બદલાવ વચ્ચે ચીનના સૂર બદલાયા છે. બીજિંગમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં ચીની વિદેશ મંત્રી વાંગ યીએ ભારત સાથેના સંબંધો સુધારવા પર ભાર મૂકતા મોટું નિવેદન આપ્યું છે. ચીની વિદેશ મંત્રી વાંગ યી એ જણાવ્યું છે કે ભારત અને ચીને એકબીજાને પ્રતિસ્પર્ધી માનવાને બદલે ભાગીદાર તરીકે જોવા જોઈએ. તેમણે કહ્યું કે બંને દેશો ગ્લોબલ સાઉથના મહત્ત્વના સભ્યો છે અને તેમની વચ્ચે ઊંડા સાંસ્કૃતિક સંબંધો છે. વાંગ યીના મતે, બંને દેશો વચ્ચેનો પરસ્પર વિશ્વાસ એશિયાના પુનરુત્થાન માટે અત્યંત જરૂરી છે, જ્યારે ટકરાવથી નુકસાન જ થશે. વાંગ યી એ યાદ અપાવ્યું કે ગયા વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી મુલાકાતે સંબંધોને નવી દિશા આપી છે. તેમણે દાવો કર્યો હતો કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે અને વિવિધ સ્તરે સંવાદ પણ વધ્યો છે. ચીની વિદેશ મંત્રીના મતે હવે બંને દેશોના સંબંધો સામાન્ય પટરી પર પરત ફરી રહ્યા છે. સંબંધોને વધુ મજબૂત કરવા માટે ચીને ચાર મહત્વના મુદ્દા રજૂ કર્યા છે: એકબીજાને ખતરો નહીં પણ અવસર તરીકે જોવા. સીમાવર્તી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવી. પરસ્પર વિશ્વાસ વધારીને એશિયાના વિકાસમાં સહયોગ આપવો. વિકાસને જ સૌથી મોટો સામૂહિક પાયો ગણીને વ્યવહારુ સહયોગ કરવો. નિષ્ણાતોના મતે, અમેરિકા દ્વારા ચીનને આર્થિક અને વ્યૂહાત્મક રીતે ઘેરવાના પ્રયાસો તેજ થયા છે. અમેરિકાએ વેનેઝુએલા અને હવે ઈરાન પર દબાણ વધારીને ચીનના હિતોને નુકસાન પહોંચાડ્યું છે. આવી સ્થિતિમાં ચીન આંતરરાષ્ટ્રીય મંચ પર એકલું ન પડી જાય તે માટે ભારત અને રશિયા જેવા પડોશી દેશો સાથે દોસ્તીનો હાથ લંબાવી રહ્યું છે. ખાસ કરીને બ્રિક્સ (BRICS) ના માધ્યમથી ચીન ભારતનો સાથ ઈચ્છી રહ્યું છે.

## ઈરાનનો ઈઝરાયેલ પર વળતો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૮ : અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધ હવે ખતરનાક વળાંક લઈ રહ્યું હોય તેવું લાગે છે. ઈરાને ઈઝરાયલના સૌથી મોટા ઓઈલ રિફાઈનરી કોમ્પ્લેક્સ પર મિસાઈલ હુમલો કરવાનો દાવો કર્યો છે. આ હુમલામાં હાઈફા ખાડીમાં બાઝાન ગ્રુપ રિફાઈનરીને નિશાન બનાવવામાં આવી હતી. તેને ઈઝરાયલની ઊર્જા પ્રણાલીની કરોડરજ્જુ માનવામાં આવે છે. ઈરાનની આ કાર્યવાહીથી સમગ્ર ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. એ નોંધવું પણ મહત્વપૂર્ણ છે કે આ રિફાઈનરી ભારત અને ઈઝરાયલના આર્થિક હિતો સાથે જોડાયેલી છે. તેથી, આ હુમલા પછી, સવાલો ઉભા થયા છે કે શું હાઈફા હવે યુદ્ધનું સૌથી મોટું લક્ષ્ય બનવા જઈ રહ્યું છે. ઈરાને જણાવ્યું છે કે તેની મિસાઈલોએ ઈઝરાયેલની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી હાઈફા પર હુમલો કર્યો છે.

# અન્ય સમાચારો

Monday 09, March 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## ખાપરવાડામાં કારથી કચડનાર આરોપી ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૮ :** ગણદેવી તાલુકાના ખાપરવાડા ગામે શુક્રવારની રાત્રે એક સનસનીખેજ હત્યાકાંડ સર્જાયો હતો. જેમાં ગોયંદી ગામના કૃપલ પટેલે પોતાની વર્ના કાર બેફામ હંકારી રાવણ ફળીયા પાસે ઉભેલા ગ્રામજનોને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. સવારે આંગણવાડી પાસે પુરપાટ ઝડપે કાર ચલાવવા બાબતે ગ્રામજનોએ ટોકતા તેનો ખાર રાખી આરોપીએ રાત્રે આજે તો બધાને મારી જ નાંખવા છે. તેમ કહી લોકો પર ગાડી ચઢાવી દીધી હતી. જેમાં હસમુખભાઈ ઝીણાભાઈ આહીર (૪૭)ને જોરદાર ટક્કર વાગ્યા બાદ આરોપીએ ક્રૂરતાપૂર્વક બેવાર તેમના પર કાર ફેરવી દેતા ગંભીર ઈજાઓને કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે બીલીમોરાની હોસ્પિટલ ખાતે સેંકડો લોકોના ટોળા ઉમટી પડ્યા હતાં અને સમગ્ર પંથકમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો.

બીલીમોરા પોલીસે હત્યાનો ગુનો નોંધી નવસારી એલસીબી અને એસઓજીની મદદથી ગણતરીના કલાકોમાં જ ભાગેડુ આરોપી કૃપલ પટેલને ઝડપી પાડ્યો હતો. રવિવારે સાંજે ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલ અને પીઆઈ જયદીપસિંહ ચાવડાના નેતૃત્વમાં વિશાળ પોલીસ કાફલા સાથે આરોપીનો જાહેર માર્ગો પર વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેથી ગુનેગારોમાં કાયદાનો ભય રહે અને સમાજમાં શાંતિ જળવાય રહે. આ કડક કાર્યવાહી દ્વારા પોલીસે આરોપીને શિક્ષાનો પાઠ ભણાવી લોકોના રોષને શાંત પાડ્યો હતો.

## ઉમરસાડીના યુવકનું ગંગાજી નદીમાં ડૂબી જતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૮ :** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં રહેતા એક આદિવાસી સમાજના ૩૯ વર્ષના યુવક ગંગાજી ખાડીમાં માછલી પકડવા જતાં પાણીમાં ડૂબી જતાં એનો અકસ્મિક રીતે મોત થયું છે. ઉમરસાડી દેસાઈવાડ ગામમાં પટેલ ફળિયામાં રહેતા મંગુભાઈ શૈલેષભાઈ હળપતિ ઉંમર વર્ષ ૨૯ આજે પટેલ ફળિયા વિસ્તારમાંથી પસાર થતી ગંગાજી ખાડીમાં કાદવ કીચડવાળા વિસ્તારમાં માછલી પકડવા માટે ગયા હતાં. જ્યાં માછલી પકડતી વખતે આકસ્મિક રીતે તેઓ ડૂબી જતાં એમનું મોત થયું છે. જે બાબતની જાણ પારડી પોલીસ સ્ટેશનમાં રાજુભાઈ હળપતિએ જાણ કરતા પારડી પોલીસે અકસ્માત મોત દાખલ કરી આ બાબતની વધુ તપાસ કરી છે.

## વઘઈ માર્ગ પર કાર ખાડામાં ખાબકી : ચાલકનો બચાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૮ :** ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર આજે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સાકરપાતળ તરફથી મહારાષ્ટ્રનાં ભાંડણા તરફ જઈ રહેલી ઈકો ગાડી અચાનક અકસ્માતનો ભોગ બની હતી. મળતી માહિતી મુજબ ઈકો ગાડી નંબર એમ.એચ.૧૫ કે.કે.૭૮૬૩ સાપુતારા-વઘઈ માર્ગ પર આવેલા શામગહાન ગામ નજીકના જોખમી વળાંક પરથી પસાર થઈ રહી હતી. ત્યારે સામે તરફથી ટ્રક આવતાં ગાડી ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. પરિણામે ગાડી રસ્તાની સાઈડમાં આવેલા ઊંડા ખાડામાં ખાબકી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઈકો ગાડીને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે સદનસીબે ગાડી ચાલકનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ થતા આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. આ બનાવને લઈને સ્થાનિકોમાં થોડા સમય માટે ચકચાર મચી ગઈ હતી.

## નંદાવલા હાઈવેથી દારૂ સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૮ :** વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી આધારે વલસાડના નંદાવલા હાઈવેના સર્વિસ રોડ પર કારને અટકાવી તેમાંથી ૨.૭૧ લાખના દારૂ સાથે જામનગરનો એક ઝડપાયો જ્યારે રાજકોટનો આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળતા એલસીબીની ટીમ વલસાડના નંદાવલા ગામે હાઈવે પરના સર્વિસ રોડ પર વોચ ગોઠવી ઉભા રહેતા બાતમીવાળી હેરિયર કાર્ડ નં. જીજે ૧૫ સીએમ ૮૧૧૮ને અટકાવે તેની અંદર તપાસ કરતા દારૂ બિયરની કિંમત ૨,૭૧,૩૯૨ કારની કિંમત ૧૦ લાખ અને મોબાઈલ ફોન એક નંગ કિંમત ૫,૦૦૦ મળી કુલ ૧૨,૭૬,૩૯૨ ના મુદ્દામાલ સાથે આરોપી રવિ ભીખાભાઈ ગધેથરીયા ઉ.વ.૨૯ રહે જામનગર, આદર્શ એવન્યુ શેરી નં-૦૪ જયેશભાઈ ભુવાના મકાનમા લાલપુર બાયપાસ તા.જી.જામનગર મુળ રહે ગામ-સનાળા કાલાવાડ જામનગરની ધરપકડ કરી છે. જ્યારે કારમાંથી નાસી જનાર જયેશભાઈ વૃજલાલ ભુવા હાલ રહે જામનગર મુળ રહે ગામ - રાજપરા સાતોદડ રાજકોટને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

## અબ્રામાની સોસાયટીમાં મકાન બદલે દુકાનની આકારણી કોણે કરી ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ નગરપાલિકાના અબ્રામા આવેલ દર્પણ કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં ગેરકાયદેસર રીતે દુકાનો તાણી બાંધતા વોર્ડ નંબર ત્રણના ભાજપી સભ્યએ વલસાડ જિલ્લા રજીસ્ટાર, કલેકટરને લેખિત રજૂઆત કરી છે. જોકે આ દુકાનના બદલે મકાનની આકારણી નગરપાલિકામાં કોણે કરી તે તપાસતો વિષય બન્યો છે.

વલસાડ નગરપાલિકાના અબ્રામા અંબાજી નગર સોસાયટીના રહીશ અને વોર્ડ નં.૩ના પાલિકા ભાજપી સભ્ય જીજ્ઞેશ ડાહ્યાભાઈ પટેલે વલસાડ જિલ્લા રજીસ્ટાર કચેરી વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર અને વલસાડ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત તરીકે અબ્રામા વિસ્તારમાં આવેલી દર્પણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. દર્પણ સોસાયટીને માત્ર રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલી જમીન છે. દર્પણ કો. ઓ. હાઉસિંગ સોસાયટી બનાવવામાં આવી જે બાદ સોસાયટીના પ્રમુખની જાણ બહાર પાંચ જેટલી દુકાનોનું શોપિંગ સેન્ટર બનાવી દેવામાં આવ્યું છે. જોકે આ શોપિંગ સેન્ટર બનાવવા અગાઉ નગરપાલિકામાં મૂકવામાં આવેલા જરૂરી દસ્તાવેજો આધાર પુરાવો રજૂ કરી આકારણી કરવામાં આવી છે. જો કે પાલિકાના ચોપડે મકાન કે ઘર જ્યારે સ્થળ પર પાંચ જેટલી દુકાનો બનાવવામાં આવવામાં આવી છે. નગરપાલિકા દ્વારા આ દુકાનોની આકારણી કોના મારફતે કે કોના કહેવાથી કરવામાં આવ્યું તેની તપાસ કરી તેની સામે કળક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

## આનંદ પંડિત અને વૈશલ શાહની નવી ગુજરાતી ફિલ્મનું શૂટિંગ શરૂ

### રક્ષાબંધન પર થશે ફિલ્મ રિલીઝ

**અમદાવાદ, તા.૦૮ :** આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા રજૂ થતી નવી ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત કાર્યક્રમ ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ ભવ્ય રીતે યોજાયું હતું. આ પ્રસંગે મનોરંજન જગતના જાણીતા અને ગ્લેમરસ કલાકારો જેમ કે મલ્હાર ઠાકર, યશ સોની, આરોહી પટેલ, આરતી પટેલ, સંદીપ પટેલ, કૃષ્ણદેવ યાજ્ઞિક અને ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર વંદન શાહ સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા.

ફિલ્મમાં જાણીતા કલાકારો રોનક કામદાર, મિત્ર ગઢવી, તત્સત મુનશી અને ચેતન દૈયા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું રિલીઝિંગ રક્ષાબંધનના શુભ અવસર પર નિર્ધારિત કરવામાં આવ્યું છે.

આ ફિલ્મ માનવ અને કૂતરાં વચ્ચેના અવિનાશી સંબંધને આધુનિક પરીકથાના સ્વરૂપે રજૂ કરે છે. કૂતરો માત્ર પાળતુ પ્રાણી નથી, પરંતુ રક્ષક, સાથી અને નિસ્વાર્થ પ્રેમનું પ્રતિક છે. ફિલ્મ આ બંધનને મજેદાર, ભાવનાત્મક અને ક્વર્કી પરીકથાના સ્વરૂપે રજૂ કરે છે.

મુહૂર્ત પ્રસંગે આનંદ પંડિતએ જણાવ્યું હતું કે, આ મુહૂર્ત સાથે અમારો પ્રયત્ન એવી એક પારિવારિક ફિલ્મ બનાવવાનો છે, જે પ્રાણીઓ પ્રત્યેના પ્રેમ અને પરિવારમાં તેમના મહત્વને સુંદર રીતે રજૂ કરે. એક નિર્માતા તરીકે મને આનંદ છે કે આપણી પ્રાદેશિક સંસ્કૃતિ હવે વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ ઉભી કરી રહી છે.

---

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM CHIRAGKUMAR YASHWANTSINH PARMAR TO NEW NAME CHIRAG PARMAR, AS PER THE DOCUMENTS.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM MANDAL AAKASHKUMAR LALAN TO AAKASH LALAN MANDAL AS PER DOCUMENTS.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM NEGI VIPULSINGH BUDDHISINGH / NEGI VIPUL SINGH BUDDHISINGH TO VIPUL SINGH NEGI AS PER DOCUMENTS.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SIDDIQUE SHIFA HABIBAHMED TO NEW NAME SHIFA HABIB SIDDIQUE AS PER DOCUMENTS

---

**No.MAM/SIL/RTS/RBD-DNH/Birth/26/2026/1147 Dated: 27/02/2026**

**APPLICANT - Vasiyabhai Kariyabhai Bhurkud,**
**Presently residing at- Bhurkud Faliya, Silvassa, DNH**
**Mo 9978250885**
**OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Vasiyabhai Kariyabhai Bhurkud, who was born on 26/01/1972 at Bhurkud Faliya, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Vasiyabhai Kariyabhai Bhurkud. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૪૭/૨૦૨૬

**અરજદાર : શ્રી કીકુભાઈ હરજીભાઈ પટેલ**
ઉ.વ.૭૧, ધંધો-ખેતી, રહે. કચીગામ, ખરી ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
ગ્રામ પંચાયત કચેરી, કચીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કીકુભાઈ હરજીભાઈ પટેલ** રહે. કચીગામ બરી ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સીમલીબેન હરજીભાઈ પટેલનું** મરણ તા.૧૨-૧૧-૨૦૦૬ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૪૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૪૮/૨૦૨૬

**અરજદાર : શ્રી કીકુભાઈ હરજીભાઈ પટેલ**
ઉ.વ.૭૧, ધંધો-ખેતી, રહે. કચીગામ, ખરી ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
ગ્રામ પંચાયત કચેરી, કચીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કીકુભાઈ હરજીભાઈ પટેલ** રહે. કચીગામ બરી ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **હરજીભાઈ નાકરાભાઈ પટેલનું** મરણ તા.૦૫-૦૩-૧૯૯૧ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૪૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૯૦/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૯/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી મંગીબેન છોટુભાઈ પટેલ તે રાજુભાઈ પટેલની પત્ની,**
**રહે.** સુરખાઈ, હનુમાન ફળિયા, તા.ચીખલી, જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : મામલતદારશ્રી ચીખલી તા.ચીખલી, જીલ્લો - નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગીબેન છોટુભાઈ પટેલ**, રહે. સુરખાઈ હનુમાન ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૦૨/૦૬/૧૯૬૪ના રોજ મોજે. સુરખાઈ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી**

---

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૭૧/૨૦૨૬**

**અરજદાર : હિતેશભાઈ રામુભાઈ પટેલ**
૨૮, મંદિર ફળિયા, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મનિષાબેન રામુભાઈ પટેલનું** મરણ તા.૧૨/૦૬/૨૦૧૭ના રોજ મોજે ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ડહેલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ડહેલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ડહેલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૪૮/૨૦૨૪

**અરજદાર : શિરવતિબેન ભંગ્યાભાઈ માછી**
**રહે.** ખતલવાડા,
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ભૂમિ આર. ટંડેલ)
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
ગ્રામ પંચાયત કચેરી, ખતલવાડા
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શિરવતીબેન ભંગ્યાભાઈ માછી** રહે. ખતલવાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **ગંગાબેન ભંગ્યાભાઈ માછીનું** જન્મ/મરણ તા.૦૧-૦૧-૨૦૦૪ના રોજ મોજે - ખતલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૮/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

DNHDD PDCL, વિદ્યુત ભવન, ૬૬ કેવી રોડ, આમલી, સિલવાસા-૩૯૬૨૫૦. મો. ૬૩૫૭૫૫૭૭૭૭,
ઈ-મેઈલ: consumerforumdnhdd@torrentpower.com

torrent POWER DNHDD

**DNH વિસ્તારના વીજ ગ્રાહકો માટે જાગૃતિ અભિયાન**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના ભારતના વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે અને જે ઉપરોક્ત સરનામે કાર્યરત છે.

આ ફોરમનું મુખ્ય કાર્ય DNHDD PDCLના વીજ ગ્રાહકોની તેમના વીજ સર્વિસ કનેક્શન સંબંધિત ફરિયાદો જેવી કે વીજ જોડાણ, વીજ બિલ તથા વીજ વિતરણ સીસ્ટમ અને વીજ ગ્રાહકોના જાનમાલની સેફટીની બાબતોને લગતી કોઈ પણ પ્રકારની ફરિયાદોનું વીજ કંપની દ્વારા તેમને સંબંધિત નિયમો અંતર્ગત ઉકેલ કે નિવારણ નિયત સમય મર્યાદામાં ન કરવામાં આવ્યું હોય અથવા તો વીજ ગ્રાહક આવા ઉકેલ / નિવારણથી સંતુષ્ટ ન હોય તો ઉપરોક્ત ફોરમ દ્વારા આવી ફરિયાદો બાબતે બન્ને પક્ષોને સાંભળીને ફરિયાદોનું તટસ્થ અને સચોટ નિવારણ કરવા માટે કાર્યરત છે.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, DNHDD PDCL દ્વારા, વીજ ગ્રાહકો માટે ફોરમ તથા કન્ઝ્યુમર રાઈટસની જાણકારી અને જાહેર સંપર્ક માટે નો ફોરમ દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન નીચે જણાવ્યા મુજબ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ પણ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા આપ સૌને આમંત્રણ છે.

સ્થળ : રખોલી પંચાયત
તારીખ : ૧૨.૦૩.૨૦૨૬
સમય : સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાક

---

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વડે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવ્યા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવ્યા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVAN ICON Kripton
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

દમણગંગા ટાઈમ્સ
ડીસ્કલેમર/ સ્પષ્ટતા
વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક

Jai Jalaram Bapa

Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Monday 09, March 2026

# દમણગંગા ટાઇમ્સ


## ગણદેવી પોલીસે મુલુંડ પોલીસનો પોકસોના ગુનાના આરોપીને ઝડપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ગણદેવી, તા. ૦૮ :** મુંબઈના મુલુંડ પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલા પોક્સો એક્ટના ગંભીર ગુનામાં પોલીસ કસ્ટડીમાંથી ફરાર થયેલા આરોપીને ગણદેવી પોલીસની ટીમે બાતમીના આધારે પીપલધરા ગામેથી ઝડપી પાડ્યો હતો. મુંબઈના મુલુંડ વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષીય આરોપી દિનેશભાઈ રમણભાઈ રાઠોડે ૨૪/૦૨/૨૦૨૬ ના મંગળવારે પાડોશમાં રહેતા ૧૨ વર્ષના સગીર બાળકને ચોકલેટની લાલચ આપી કુત્ય આચર્યું હતું. જે ગુના સંદર્ભે મુલુંડ પોલીસે તેની અટકાયત કરી હતી, પરંતુ આરોપી પોલીસની નજર ચુકવીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

વોન્ટેડ આરોપી ગણદેવી તાલુકાના પીપલધરા ગામે તેના મામાના ઘરે છુપાયો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક અને નવસારી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગણદેવી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ. રાઠોડ અને તેમની સર્વેલન્સ ટીમે તાત્કાલિક વર્ક આઉટ હાથ ધરી આરોપીને પીપલધરાથી ઝડપી પાડ્યો હતો. આરોપી સામે વધુ કાયદેસરની કાર્યવાહી માટે મુલુંડ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## વાપીના ઉદ્યોગકારોને ત્રણ માસ સુધી વૈકલ્પિક બળતરનો ઉપયોગ માટે છૂટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** ઈરાન અમેરિકા ઈઝરાયેલ વચ્ચે યુદ્ધની સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય ગેસ પુરવઠામાં સર્જાયેલી સ્થિતિને લઈ ગુજરાતના ઉદ્યોગો પર તેની અસર જોવા મળી હતી આ પરિસ્થિતિને પગલે ગુજરાત ગેસ લિમિટેડ કંપની દ્વારા વાપીના ઉદ્યોગોને આપવામાં આવતા પીએનજી ગેસ સપ્લાય માં ૫૦ ટકા સુધીની કાપ મુકવાની જાહેરાત કરવામાં આવી હતી આ જાહેરાતને ધ્યાને લઈ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સતિષભાઈ પટેલ દ્વારા રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈને સમગ્ર પરિસ્થિતિ અંગેની જાણ કરાઈ હતી અને ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ



તેમજ નુકસાન અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી અને આ સમસ્યાનો ઉકેલ તાત્કાલિક લાવવા રજૂઆત કરી હતી.

જેને જેને લઈ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તાત્કાલિક પગલાં લેતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સેક્રેટરી તથા સંબંધીત અધિકારીઓ સાથે બેઠક યોજી સમસ્યાનો ઉકેલ લાવવા જણાવાયું હતું જેને ધ્યાને લઈ તાત્કાલિક ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરી ઉદ્યોગકારોને અગામી ત્રણ મહિના માટે હંગામી ધોરણે ગેસ આધારિત યુટીલીટીઝ ધરાવતા ઉદ્યોગોને જીપીસીપી દ્વારા માન્ય પ્રવાહી બળતર નો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

જેને લઇ આ મંજૂરીથી વાપીના ઉદ્યોગોને જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં આવેલા તમામ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારોને પણ રાહત થશે. આ નિર્ણયથી ઉદ્યોગોનું ઉત્પાદન ચાલુ રાખવા આવશે અને ઉદ્યોગકારોને ત્યાં કામ કરતા કામદારોને રોજીરોટી મળી રહેશે.

પીએનજી ગેસ સપ્લાય અંગે ની જાહેરાતને માત્ર ગણતરીના સમયમાં જ વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા જાણી ઉચ્ચ સ્તરે રજૂઆત કરતા તેમજ સ્થાનિક ધારાસભ્ય અને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ સાથે ચર્ચા વિચારણા કરતા તેઓએ તાત્કાલિક સમસ્યાનો ઉકેલ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

જેને લઇ વાપીના ઉદ્યોગકારોમાં ભારે ખુશીનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

## બારોલીયામાં જુગારખાનું ઝડપાયું : જુગારીઓ ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** ધરમપુર તાલુકાના બારોલીયા પટેલ ફળિયા - વડ ફળિયા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ધરમપુર પોલીસે દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પહોંચી ત્યારે કેટલાક ઈસમો મોટર સાયકલ તથા મોબાઈલ ફોન મૂકી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી

**પોલીસે ૩૩ બાઈક અને ૯ મોબાઈલ ફોન અને રોકડ કબ્જે લેવાયા**

આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.પોલીસે સ્થળ પરથી કુલ અંદાજે રૂ. ૫,૭૭,૪૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં ૯ મોબાઈલ ફોન રૂ. ૩૨,૦૦૦), જુગારના દાવ ઉપરના રોકડા રૂ. ૯,૧૯૦, ગંજીપતાના ૫૨ પાના, અંગ ઝડતીમાંથી મળેલા રૂ. ૧,૨૭૦ રોકડા તેમજ ૩૩ મોટર સાયકલ રૂ. ૫,૩૫,૦૦૦નો સમાવેશ થાય છે. આ સમગ્ર કાર્યવાહી ધરમપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. વી.એ. વસાવાના માર્ગદર્શન હેઠળ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


## ૨૪મી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



**સ્વ.રણછોડજી નાગરજી દેસાઈ**

સ્વ.તા.૦૯-૦૩-૨૦૦૨

આપની વિદાયને આજે ૨૪ વર્ષ પુરા થયા છે.
હરપળે આપના અત્યંત લાગણીશીલ સ્વભાવ,
વ્યવહાર, કુશળતા, પરોપકારી ભાવના યાદ સતાવે છે.
મૃત્યુથી ‘અસ્તિત્વ’ મટી જશે ‘વ્યક્તિત્વ’
સદાય ટકી જશે, એટલુ આશ્વાસન પૂરતુ છે.
આપના આશીર્વાદ સદકાર્યો કરવા પ્રેરણા આપશે એવી પ્રભુ પ્રાર્થના.

લિ.

દિપકભાઈ રણછોડજી દેસાઈ
વત્સલ દિપકભાઈ દેસાઈ
રશ્મિ દિપકભાઈ દેસાઈ
તૃષા વત્સલ દેસાઈ
મીત દિપકભાઈ દેસાઈ
તથા સમસ્ત રણછોડજી નાગરજી દેસાઈ પરિવાર

મુ.પો.છીરી, વાચા-વાપી

## હાર્દિક શુભેચ્છા



**કોન્ટ્રાકટર મોહમદ ઓમેર એઝાઝ**

ઉમરગામના એમ. કે. મહેતા સ્કુલના ધોરણ-૧૧ માં કોન્ટા. મો. ઓમેરે ૮૨.૦૮ % મેળવી ત્રીજા ક્રમે ઉતીર્ણ થઈ પરિવારને ગૌરવ પ્રદાન કર્યુ. મહેનતનું ફળ અવશ્ય મળે છે. અને તે તમે સાબિત કરી દીધુ. તમારી આ સિદ્ધિ માટે ખુબ ખુબ શુભેચ્છા.

સફળતા તમારા કદમ ચૂમે
એવી દુઆ ગુજારનાર
કોન્ટ્રાકટર અને પટેલ ફેમીલી સંજાણ બંદર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



### મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઈ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઈ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઈ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઈ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઇડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઈ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઈ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઈ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ ‘સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ’ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**